**આજનો સુવિચાર**

મુશ્કેલ સમયમાં સાથ આપવાના બદલે જ્ઞાન આપે, એવા લોકોથી હંમેશા દુર જ રહેવું!!!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૫૪ જૂનાગઢ તા.૧૨-૦૬-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 154, Junagadh : Date : 12 Jun, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## રશિયન - યુક્રેન યુધ્ધમાં બે ભારતીયોનાં મોત

નવી દિલ્હી,તા.૧૨

ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે રશિયન સેનામાં ભરતી થયેલા બે ભારતીય નાગરિકો યુક્રેન યુદ્ધમાં માર્યા ગયા છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, 'મોસ્કોમાં ભારતીય દૂતાવાસે આ મામલો નવી દિલ્હીમાં રશિયન રાજદૂત અને મોસ્કોમાં રશિયન સત્તાધીશો સમક્ષ રશિયન સેનામાં ફરજ બજાવતા તમામ ભારતીય નાગરિકોની વહેલા મુક્તિ અને વતનવાપસી કરાવવા મજબૂત રીતે આ મુદ્દો ઉઠાવ્યો છે.'

વિદેશ મંત્રીના નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ભારતે રશિયન સેના દ્વારા તેના નાગરિકોની વધુ ભરતી રોકવાની પણ માંગ કરી છે. મંત્રાલયે ફરી એકવાર ભારતીય નાગરિકોને રશિયામાં રોજગારની તકો શોધતી વખતે સાવચેત રહેવા વિનંતી કરી છે.

## યમનનાં સમુદ્ર કિનારે શરણાર્થીઓ ભરેલી બોટ ડુબી : ૪૯નાં મોત ૧૪૦ લાપત્તા

સના તા. ૧૨

યમનના અદન પાસેના સમુદ્ર કિનારે એક મોટી દુર્ઘટના ઘટી છે. અહીં પ્રવાસીઓથી ભરેલી બોટ ડૂબી જવાથી ઓછામાં ઓછા ૪૯ લોકોના મોત થયા છે જ્યારે ૧૪૦ લોકો લાપતા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ તમામ માઈગ્રન્ટ્સ હોર્ન ઓફ આફ્રિકાથી આવી રહ્યા હતા. સ્થાનિક અધિકારીઓ અને લોકોએ આ અંગે માહિતી આપી છે.

માનવામાં આવી રહ્યું છે કે મૃત્યુઆંક હજુ વધી શકે છે.જણાવવામાં આવ્યું છે કે આ ઘટના ૧૦ જૂનના રોજ બની હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, લોકોથી ખચોખચ ભરેલી બોટ અદનની પૂર્વમાં આવેલા શબવા પ્રાંતના કિનારે પહોંચતા પહેલા જ ડૂબી ગઈ હતી. ગુમ થયેલા લોકોની શોધ ચાલુ છે. આ ઘટના અંગે સંયુક્ત રાષ્ટ્રને પણ જાણ કરવામાં આવી છે.

# આગામી ત્રણ વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થા રોકેટ ગતિએ આગળ વધશે : વિશ્વબેંકની આગાહી

WORLD BANK

નવી દિલ્હી, તા.૧૨: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં સતત ત્રીજી વખત સરકારની રચના સાથે અર્થતંત્રના મોરચે સારા સમાચાર આવ્યા છે. વિશ્વ બેંકે એક અહેવાલમાં જણાવ્યું હતું કે, આગામી ત્રણ વર્ષમાં ૬.૭ ટકાની સતત વૃદ્ધિ નોંધાવીને ભારત સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહેશે. વિશ્વ બેંકના તાજેતરના ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતમાં આર્થિક વૃદ્ધિ દર વધીને ૮.૨ ટકા થવાની ધારણા છે. વિશ્વ બેંક દ્વારા જાન્યુઆરીમાં આપવામાં આવેલા અગાઉના અંદાજ કરતાં આ ૧.૯ ટકા વધુ છે. આ સાથે, વિશ્વ બેંકે વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક આર્થિક વૃદ્ધિ ૨.૬ ટકા પર સ્થિર રહેવાની આગાહી કરી છે. આગામી બે વર્ષમાં વૈશ્વિક વૃદ્ધિ સરેરાશ ૨.૭ ટકા સુધી વધશે. જો કે, આ કોવિડ-૧૯ પહેલાના દાયકામાં ૩.૧ ટકા કરતાં પણ ઘણું ઓછું હશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપથી વિકસતો દેશ રહેશે પરંતુ તેના વિસ્તરણની ગતિ ધીમી થવાની સંભાવના છે.

## આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીપદે ચંદ્રાબાબુ નાયડુની શપથવિધિ

અમરાવતી તા. ૧૨

તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના સુપ્રીમો ચંદ્રાબાબુ નાયડુએ બુધવારે ચોથી વખત આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદના શપથ લીધા છે. તેમના પછી નવી સરકારમાં જનસેનાના વડા અને અભિનેતા પવન કલ્યાણ ડેપ્યુટી મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા.

તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના વડા ચંદ્રબાબુ નાયડુના શપથ ગ્રહણ સમારોહમાં તેમના ભાઈ અને દક્ષિણના સુપરસ્ટાર ચિરંજીવી અને રજનીકાંત પણ હાજર રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

તેલુગુ દેશમ પાર્ટીના અધ્યક્ષ ચંદ્રાબાબુ નાયડુની મુખ્યમંત્રી તરીકેની આ ચોથી ટર્મ હશે. શપથ ગ્રહણ સમારોહ વિજયવાડામાં ગન્નાવરમ એરપોર્ટ નજીક કેસરપલ્લી પાર્કમાં યોજાયો હતો.

## કેન્દ્રીય કર્મચારીઓને ૮માં પગારપંચની ભેટ મળશે જાન્યુઆરી - ૨૦૨૬થી લાગુ થવાની સંભાવના

નવી દિલ્હી તા. ૧૨ : દેશના એક કરોડથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો ૮મા પગાર પંચની રચનાની રાહ જોઈ રહ્યા છે. કેન્દ્રમાં નવી સરકાર બન્યા બાદ ફરી એકવાર આશા જાગી છે. અત્યાર સુધીની પેટર્ન મુજબ કેન્દ્ર સરકાર દર ૧૦ વર્ષે નવા પગાર પંચની ભલામણો લાગુ કરતી હતી. ભારતમાં પ્રથમ પગાર પંચની સ્થાપના જાન્યુઆરી ૧૯૪૬માં કરવામાં આવી હતી. છેલ્લું ૭મું પગાર પંચ જાન્યુઆરી ૨૦૧૬માં લાગુ કરવામાં આવ્યું હતું. તે જ સમયે, ૮માં પગાર પંચ જાન્યુઆરી ૨૦૨૬ થી લાગુ થવાની સંભાવના છે.

ભારત સરકારે હજુ સુધી ૮મા પગાર પંચની રચના અને અમલીકરણ અંગે કોઈ ઔપચારિક જાહેરાત કરી નથી. ગત વર્ષે ડિસેમ્બરમાં સરકારે કહ્યું હતું કે ત્યાં સુધી ૮મું કેન્દ્રીય પગાર પંચ સ્થાપિત કરવાની કોઈ યોજના નથી. હવે જયારે સામાન્ય ચૂંટણીઓ પૂરી થઈ ગઈ છે ત્યારે સરકાર આયોગની રચના તરફ કેટલાક નિર્ણાયક પગલાં ભરે તેવી પ્રબળ શક્યતા છે.

## નાણામંત્રી નિર્મલા સીતારમન ૧ જુલાઈએ સંપૂર્ણ બજેટ રજુ કરશે : અનેક મહત્વનાં નિર્ણયો લેવાશે

નવી દિલ્હી તા. ૧૨

હવે તમામની નજર આગામી સંપૂર્ણ બજેટ પર ટકેલી છે. ચોમાસુ સત્ર ૨૪ જૂનથી ૩ જુલાઈ વચ્ચે મળશે. મળતી માહિતી મુજબ, નાણામંત્રી નિર્મલા સીતારમન ૧ જુલાઈએ સંસદમાં સંપૂર્ણ બજેટ રજૂ કરી શકે છે, જેમાં સામાન્ય જનતાની તરફેણમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવે તેવી અપેક્ષા છે. નિષ્ણાતોનું કહેવું છે કે વર્ષ ૨૦૨૫માં દેશના ઘણા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી સંપૂર્ણ બજેટમાં લોકપ્રિય બજેટ રજૂ કરશે. જેમાં ગરીબોને આર્થિક મદદ કરવા માટે ઘણી જન કલ્યાણ યોજનાઓ અને ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લઈ શકાય છે આ બજેટ રજૂ કરતી વખતે દેશમાં વધી રહેલી મોંઘવારીને રોકવા માટે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો પણ લેવામાં આવી શકે છે.

## હવે વાહનનો થર્ડ પાર્ટી વીમો નહી હોય તો જેલમાં જવું પડશે

નવી દિલ્હી તા. ૧૨ :

માર્ગો પર થતાં અકસ્માતના જોખમને રોકવા માટે કેન્દ્ર સરકારે મોટી કાર્યવાહી કરી છે. હવે ગાડીઓનો થર્ડ પાર્ટી વીમો હોવો જરૂરી કરી દીધું છે. થર્ડ પાર્ટી વીમો ન હોવો હવે એક દંડનીય અપરાધ બની ગયું છે. વાહનનો ઈન્શ્યોરન્સ લેવામાં લાપરવાહી કરવા પર હવે જેલ પણ થઈ શકે છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કાયદેસર મોટર થર્ડ પાર્ટી વીમા વિના મોટર વાહન ચલાવવી એક દંડનીય અપરાધ છે. મોટર વ્હીકલ એક્ટ, ૧૯૯ની ધારા ૧૪૬ અંતર્ગત, ભારતીય રસ્તા પર ચાલતી તમામ ગાડીઓના ફરજિયાતપણે થર્ડ પાર્ટી વીમો લેવો જોઈએ, જેથી ત્રીજા પક્ષના જોખમને કવર કરી શકાય.

થર્ડ પાર્ટી વીમો હવે કાનૂની જરૂરિયાત હોવાની સાથે સાથે આપને એક જવાબદાર સડક ઉપયોગકર્તા હોવાનું સાબિત કરે છે. તેની મદદથી દુર્ઘટનાઓ અને નુકસાનના મામલામાં પીડિતોને મદદ આપી શકાય છે.

હવે થર્ડ પાર્ટી વીમા વિના ખુદ વાહન ચલાવવું અથવા ચલાવવાની પરવાનગી આપવી તમને મુશ્કેલીમાં મુકી શકે છે. આવા લોકોને કાનૂના ઉલ્લંઘન માટે દંડની સાથે સાથે જેલમાં જવાનો પણ વારો આવી શકે છે. નવા નિયમ અનુસાર, પહેલી વાર અપરાધ થવા પર ૩ મહિનાની જેલ અને ૨૦૦૦ રૂપિયાનો દંડ, બીજી વાર ભૂલ થવા પર આપને ૩ મહિનાની જેલ અને ૪૦૦૦ રૂપિયાનો દંડ થઈ શકે છે.

## દેશભરમાં ઘઉંનાં સ્ટોકમાં ભારે ઘટાડો : તાત્કાલીક આયાત કરવી પડશે : લોટ મોંઘો થશે

નવી દિલ્હી તા. ૧૨

ઘઉં એક વર્ષમાં ૮ ટકા મોંઘા થયા છે. છેલ્લા ૧૫ દિવસમાં કિંમતોમાં ૭ ટકાનો વધારો થયો છે, જે આગામી ૧૫ દિવસમાં વધુ ૭ ટકા વધી શકે છે. ખરેખરમાં, સરકારી સ્ટોર્સમાં ત્રણ મહિનાનો (૧૩૮ લાખ ટન) ઘઉંનો સ્ટોક હંમેશા હોવો જોઈએ. પરંતુ આ વખતે ખરીદીની સિઝન શરૂ થાય તે પહેલા તે માત્ર ૭૫ લાખ ટન સ્ટોક હતો. અગાઉ ૨૦૦૭-૦૮માં તે ૫૮ લાખ ટન હતો એટલે કે હવે તે ૧૬ વર્ષમાં સૌથી નીચા સ્તરે છે.

આ સ્ટોક ૨૦૨૩માં ૮૪ લાખ ટન, ૨૦૨૨માં ૧૮૦ લાખ ટન અને ૨૦૨૧માં ૨૮૦ લાખ ટન હતો. રશિયા-યુક્રેન યુદ્ધ બાદથી વિશ્વમાં ઘઉંનો સરકારી સ્ટોક ઘટી રહ્યો છે. જો કે, સરકારે અત્યાર સુધીમાં કુલ ૨૬૪ લાખ ટન ઘઉંની ખરીદી કરી છે, પરંતુ સરકારનો લક્ષ્યાંક ૩૭૨ લાખ ટન છે.

ખરીદીનો સમય પણ ૨૨ જૂન સુધી લંબાવવામાં આવ્યો છે, પરંતુ ખરીદ કેન્દ્રોમાં માત્ર ન બરાબર જ ઘઉં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં 'મફત અનાજ યોજના' અને બીપીએલની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઘઉંની તાત્કાલિક આયાત કરવી પડી શકે છે.

## રાશનકાર્ડનું ઈ-કેવાયસી અનિવાર્ય આધારકાર્ડ પણ અપડેટ કરવું જરૂરી

નવી દિલ્હી તા. ૧૨

રાશનકાર્ડ ધારકોને મફત રાશનનો લાભ આપવામાં આવી રહ્યો છે. પરંતુ સમયાંતરે તેને અપડેટ કરવું પણ જરૂરી છે. ખાદ્ય અને લોજિસ્ટિક્સ વિભાગે **e-KYC** વિશે જણાવ્યું છે. વાસ્તવમાં આ એટલા માટે કહેવામાં આવે છે કે રાશન કાર્ડ પર નોંધાયેલા સભ્યોના નામ અપડેટ કરવામાં આવે છે. કારણ કે મૃત્યુ અને લગ્નના કિસ્સામાં રાશનકાર્ડ ધારકોને મફત રાશનનો લાભ મળતો નથી. એટલે કે જે સભ્યોના નામ રાશનકાર્ડ પર નોંધાયેલા છે તે તમામ સભ્યોએ ઈ-કેવાયસી પૂર્ણ કરવું પડશે. રાશન કાર્ડનું **e-KYC** કરાવવા માટે આધાર કાર્ડ અપડેટ કરવું આવશ્યક છે. રાશન કાર્ડ તેમાં નોંધાયેલા બાયોમેટ્રિક અનુસાર અપડેટ કરવામાં આવશે. આવી સ્થિતિમાં જો આધાર કાર્ડ અપડેટ નથી થયું તો પહેલા તેને અપડેટ કરાવવું પડશે. પરંતુ ધ્યાનમાં રાખો કે તમારું બાયોમેટ્રિક અપડેટ કરાવવા માટે તમારે આધાર અપડેટ સેન્ટર પર જવું પડશે અને માત્ર અહીં જ તમે તેને સરળતાથી અપડેટ કરી શકશો. રાશન કાર્ડના **e-KYC** માટે તમારે વાજબી ભાવની દુકાન પર જવું પડશે.

## ચીનની નાલાયકીનો જવાબ આપવા ભારત તિબેટનાં ૩૦ સ્થળોનાં નામ બદલશે : નવો નકશો બહાર પાડશે

નવી દિલ્હી તા. ૧૨

લોકસભા ચૂંટણીમાં એનડીએની જીત બાદ વિદેશ મંત્રી એસ જયશંકરે પદભાર સંભાળતાની સાથે જ ભારતે ચીન સામે મોટું પગલું ભર્યું છે. ધ ડિપ્લોમેટના રિપોર્ટ અનુસાર, ચીનનો સામનો કરવા માટે ભારત હવે તિબેટના ૩૦થી વધુ સ્થળોના નામ બદલવા જઈ રહ્યું છે.

ભારતીય સેના ટૂંક સમયમાં સ્થાનોની યાદી સાથે ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખાનો નવો નકશો જાહેર કરશે. હકીકતમાં ચીને એપ્રિલમાં અરુણાચલ પ્રદેશમાં ૩૦ સ્થળોના નામ બદલી નાખ્યા હતા. ચીનની સરકાર આ વિસ્તારોને પોતાનો વિસ્તાર હોવાનો દાવો કર્યો છે. ડ્રેગનની આ કાર્યવાહીનો જવાબ આપવા માટે ભારત સરકારે આ નિર્ણય લીધો છે.તિબેટના વિસ્તારોના નામ બદલવા માટે ઘણું સંશોધન કરવામાં આવ્યું હતું. આ જગ્યાઓના નવા નામ ભારતીય ભાષામાં જૂના નામોના આધારે રાખવામાં આવ્યા છે. ભારતીય સેનાના ઈન્ફોર્મેશન વોરફેર વિભાગને વિસ્તારોના નામ બદલવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આ એ જ વિભાગ છે જે ઊંડા સંશોધન પછી ચીન દ્વારા રાખવામાં આવેલા અરુણાચલ પ્રદેશના વિસ્તારોના નવા નામોને પણ નકારી કાઢે છે.

## અબકી બાર ૪૦૦ પારનાં નારાએ ભારે નુકશાન પહોંચાડયું : શિંદે

મુંબઈ, તા.૧૨: કેન્દ્રમાં એનડીએ સરકારમાં મંત્રી પદની વહેંચણી કરવામાં આવી છે, પરંતુ અત્યાર સુધી ગઠબંધનને લોકસભા ચૂંટણીમાં ઓછી બેઠકો મળવાની ચર્ચા ચાલી રહી છે. મંગળવારે મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આ વખતે ૪૦૦ના નારાને કારણે નુકસાન સ્વીકાર્યું છે. તેમણે કહ્યું, આ નારાથી વિપક્ષે એવું વાતાવરણ ઊભું કર્યું છે કે જો મોદી સરકાર ૪૦૦નો આંકડો પાર કરશે તો બંધારણ બદલી નાખશે. લોકોએ આ વાતને દિલ પર લીધી અને બધું ખોટું થઈ ગયું. આ અમારી મહાયુતિ માટે વધુ મોંઘુ સાબિત થયું. પીએમ મોદીના વખાણ કરતા શિંદેએ કહ્યું કે તેમણે છેલ્લા ૧૦ વર્ષથી રજા લીધા વગર કામ કર્યું છે. પણ શું થયું જે વાર્તા બનાવવામાં આવી છે તેનાથી આપણને કેટલીક જગ્યાએ નુકસાન થયું છે. મહારાષ્ટ્રમાં પણ અમને નુકસાન થયું છે. બંધારણ બદલાશે, અનામત ખતમ થશે... આ ચર્ચાઓ થતી હતી... આવું કંઈ થવાનું ન હતું. પરંતુ '૪૦૦ વટાવી' સંખ્યાએ તમામ સમસ્યાઓ ઊભી કરી હોવાનું શિંદેએ જણાવ્યું હતું.

### સમાચાર રાઉન્ડ અપ

- જમ્મુ-કાશ્મીરમાં ૭૨ કલાકમાં ત્રણ આતંકવાદી હુમલા : સરકાર સ્તબ્ધ : ૬ જવાનો ઈજાગ્રસ્ત : એક આતકવાદી ઠાર
- ઉત્તરપ્રદેશનાં હરદોઈમાં રેતી ભરેલી ટ્રક ઝુપડી પર પલ્ટી જતાં ચાર બાળકો સહિત ૮નાં મોત
- દક્ષિણ ગુજરાતમાં ચોમાસાનું આગમન : સૌરાષ્ટ્રમાં ગમે ત્યારે દસ્તક
- ગૂગલ, એપલ, મેટા જેવી કંપનીની મનમાની નહી ચાલે નવો કાયદો આવે છે
- ૩૦ જૂને લેફ. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી નવા સેના પ્રમુખ બનશે
- ૧ મહિનામાં કેદારનાથ ધામનાં ૭.૬૬ લાખ યાત્રાળુઓએ દર્શન કર્યા : નવો રેકોર્ડ

**તાત્કાલીક માણસો જોઈએ છે**

દુબઈ માટે : ઓફિસ બોય, સેલ્સમેન, ફેકટરી હેલ્પર
કુવૈત માટે : ડ્રાઈવર, સોપીંગ મોલ, મેશન, કારપેન્ટર, પ્લમ્બર
સાઉદી : ડ્રાઈવર
માલ્ટા : હોટલ માટે
ઈઝરાયેલ : કારપેન્ટર, મેશન, ઈલેકટ્રીશ્યન, ટાઈલ્ઝ મેશન (PCC) જરૂરી છે.

પાસપોર્ટ ધરાવતા લોકોએ કોન્ટેકટ કરવો
ઉંમર : ૨૨ થી ૨૫
: કોન્ટેક :
૯૩૨૮૧ ૭૨૧૮૦ / ૬૩૫૪૯ ૬૯૭૨૯
વિઝા ટીકીટ આવે ત્યારે પેમેન્ટ

**બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી**


સ્ટોક કલીયર કરવા સબબ
દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ
વાઈટ, એપ્રોન વાઈટ ઝબ્બા
આલ્ફા સ્કૂલ, કાલરીયા સ્કૂલ અને નોબલ સ્કૂલનાં યુનિફોર્મ અડધા ભાવમાં
પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ
ફકત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**મધુરમ સ્કુલ**
MADHURAM SCHOOL
એડિમશન ઓપન...




પ્રાપ્ત થતી સુવિધાઓ :
- નવા વર્ષથી નવી શિક્ષણની નીતિ
- જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા પધ્ધતિ અને GPSC પરિક્ષાઓની પધ્ધતિથી અપાતુ શિક્ષણ
- તમામ વિષયોમાં અનુભવી શિક્ષકો દ્વારા ડિજીટલ કલાસરૂમમાં અપાતુ શિક્ષણ
- પહેલા ધોરણથી જ વિશાળ કોમ્પ્યુટર લેબમાં અપાતુ શિક્ષણ
- દર અઠવાડિયે લેવાતી વિકલી ટેસ્ટ, બેઝિક ટેસ્ટ, સરપ્રાઈઝ ટેસ્ટ.
- શાળાના સમય સિવાયના સમય એકસ્ટ્રા બેચનું આયોજન કરી નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણનું આયોજન
- ૧ કલાસરૂમમાં ૨ શિક્ષકો દ્વારા અપાતું વ્યકિતગત નિરક્ષણ
- અનુભવી ૪૦ થી વધારે શિક્ષકો દ્વારા અપાતું શિક્ષણ
- વિજ્ઞાન ક્ષેત્રમાં નવા વર્ષથી સાયન્સ લેબનું આયોજન
- મહિનામાં ૫ અને એક વર્ષમાં ૬૦ થી વધુ પ્રોજેકટ અને એકિટીવીટી
- સી.સી.ટીવી દ્વારા સતત નિરીક્ષણ
- ખુબ જ મર્યાદિત સંખ્યામાં એડમીશન બાકી રહેતા વહેલા તે પહેલાના ધોરણે આપના બાળકનું એડમીશન મેળવી લેવુ.
- આવો આપના બાળકોને મેધાવી - તેજસ્વી - યશસ્વી બનાવીએ.

જુલાય વાડા, જૂનાગઢ.
મો. ૯૭૧૪૫ ૬૩૨૬૮ / ૭૦૧૬૩ ૪૭૧૧૨

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો



# વિનીત અભિષેકે પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારીનો ચાર્જ સંભાળ્યો



(પ્રતિનિધી દ્વારા)

અમદાવાદ તા.૧૨

વિનીત અભિષેક, ૨૦૧૦ની સિવિલ સર્વિસીસ બેચના ભારતીય રેલવે ટ્રાફિક સર્વિસ (IRTS) ના અધિકારી, ૧૦મી જૂન, ૨૦૨૪ના રોજ પશ્ચિમ રેલવેના નવા મુખ્ય જનસંપર્ક અધિકારી (CPRO) તરીકે જોડાયા છે. મેનેજમેન્ટ સ્નાતક, શ્રી વિનીત શહેરી આયોજન અને પરિવહનમાં ૧૯ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે અને જાહેર,કોર્પોરેટ અને નોન-પ્રોફિટ સેક્ટરમાં ફેલાયેલ છે. મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવેના વરિષ્ઠ ડિવિઝનલ કમર્શિયલ મેનેજર તરીકેના તેમના અગાઉના પદ પર, ટિકિટ ચેકિંગ અને બિન-ભાડા આવકના ક્ષેત્રમાં તેમણે બહુવિધ પહેલનું નેતૃત્વ કર્યું હતું જેના કારણે ડિવિઝને તેના ઈતિહાસમાં પ્રથમ વખત વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૪૦૦૦ કરોડની આવકનો આંકડો પાર કર્યો હતો. વિનીત અભિષેકે વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને ૨૦૨૧-૨૦૨૩ દરમિયાન મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (MIT), યુએસએ ખાતે ઉચ્ચ અભ્યાસ અને સંશોધન કર્યું, જ્યાં હાર્વર્ડ કેનેડી સ્કૂલ ઑફ ગવર્નમેન્ટમાં ક્રોસ નોંધણી સાથે, તેમણે સતત પરિવહન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ, મ્યુનિસિપલ ફાઈનાન્સિંગ, બજેટિંગ અને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPPs)માં વિશેષતા મેળવી હતી. એમઆઈટીમાં, તેમણે એચ એચ હમ્ફ્રેન્ડ લીબ્રાઈટ ફેલોશિપ, જેએન ટાટા ફેલોશિપ અને એમઆઈની ગવર્ન્સ ઈનોવેશન વિવિધ રિસર્ચ ફેલોશિપ જેવી ફેલોશિપ સભા હતી.તેમના ઉચ્ચ અભ્યાસ દરમિયાન, શ્રી વિનીતે વિવિધ ઓન-સાઈટ પ્રોજેક્ટ્સમાં ભાગ લીધો - જેમ કે મેસેચ્યુસેટ્સ બાય ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી સાથે TOD પ્રોજેક્ટ, ITDP આફ્રિકા સાથે અર્બન ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સિંગ પ્રોજેક્ટ, વર્લ્ડ બેન્ક સાથે ચેન્નાઈ સિટી પાર્ટનરશિપ પ્રોજેક્ટ, નૈરોબી મેટ્રોપોલિટન એરિયા ટ્રાન્સપોર્ટ સાથે પબ્લિક બસ ઈલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ. ઑથોરિટી અને ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સપોર્ટેશન એન્ડ ડેવલપમેન્ટ પોલિસી (ITDP) + ઈન્ટરનેશનલ એસોસિએશન ઑફ પબ્લિક ટ્રાન્સપોર્ટ (UITP).જૂનથી ઑગસ્ટ, ૨૦૨૩ ની વચ્ચે, શ્રી વિનીત અભિષેક દેશમાં સિવિલ સર્વિસિસ રિફોર્મ્સ પર સંશોધન કરવા માટે દેશના ગવર્નન્સ અને ઈનોવેશન મંત્રાલય (MGI) સાથે સંયુક્ત-સહયોગી પ્રોજેક્ટ પર MIT ગવર્નમેન્ટ/લેબ ફેલો તરીકે બ્રાઝિલમાં હતા.

સિવિલ સર્વિસમાં જોડાતા પહેલા, શ્રી વિનીતે મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, આંધ્રપ્રદેશ અને રાજસ્થાન રાજ્યોમાં ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા, સામાજિક માળખાકીય સુવિધા, સરકારી સલાહકાર, પ્રોજેક્ટ ફાઈનાન્સિંગ અને CSR સાથે સંકળાયેલા બહુવિધ પ્રોજેક્ટ્સ પર છ વર્ષ સુધી કામ કર્યું હતું.

તેમની વ્યાવસાયિક વ્યસ્તતાઓ ઉપરાંત, શ્રી વિનીત સતત પરિવહન અને જાહેર નીતિના મુદ્દાઓ પર ઉત્સુક વિવેચક છે અને તેમના સંશોધન પત્રો, સંપાદકીય અને પુસ્તક સમીક્ષાઓ ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી, હિન્દુસ્તાન ટાઈમ્સ, ધ હિન્દુ વગેરેમાં પ્રકાશિત થયા છે.

# જૂનાગઢમાં કેરીના ભાવ ગગડયા : સિઝન પ્રારંભે રૂા.૨૫૦૦ થી ૩૦૦૦ના અત્યારે ૬૦૦થી ૮૦૦



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

ચોમાસું હવે નજીકમાં જ છે અમુક વિસ્તારમાં વરસાદની શરૂઆત થઈ ગઈ છે. તો હવામાન વિભાગ દ્વારા પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે વાતાવરણની સૌથી વધુ અસર કેરી ઉપર પડી હોવાનું જોવા મળે છે. ખાસ કરીને જૂનાગઢ પંકથમાં કેરીના ભાવ સતત ઘટી રહ્યા છે. જેનું મુખ્ય કારણ વરસાદ છે. આ વર્ષે કેરીની સિઝન શરૂ થ તે સમયે ભાવ ૩૦૦૦થી વધુ થયા હતા જયારે હવે સિઝનના અંતે ભાવ ગગડીને ૬૦૦ થી ૮૦૦ સુધી આવી ગયા છે. આ વરસાદની સિઝનમાં અને આગાહીના કારણે કેરીના ભાવમાં મોટાપાયે ઘટાડો આવવાથી વેપારીઓને મુશ્કેલી વધી હોય તેવું જોવા મળે છે. આ વર્ષે આંબામાં મોડા મોર અને ગ્લોબલ વોર્મિંગના કારણે પણ આંબામાં કેરી મોડી આવી હતી. જેના કારણે કેરી રસીયાઓને કેરી માટે રાહ જોવી પડી હતી. જયારે ગત વર્ષે કરતા આ સિઝન ૨૧ દિવસ જેટલી વહેલી પુરી થઈ જતા કેરી રસીયાઓમાં ભારે નિરાશા વ્યાપી ચુકવા પામી છે. જયારે કેસર કેરીનું કેન્દ્ર ગણાતું તાલાળા ગીરમાં કેરી હવે અંતિમ તબક્કામાં છે. અહીયા શરૂઆતમાં કેરીની ઓછી આવક થયા બાદ સમય જતા આવકમાં વધારો નોંધાયો હતો. જો કે, આ વર્ષે વાતાવરણમાં બદલાવને કારણે આવકમાં ઘટાડો નોંધાયો છે. ગત વર્ષે કેરીની સિઝન ૬૩ દિવસ સુધી ચાલી હતી અને આ વર્ષે માત્ર ૪૮ દિવસમાં જ કેરીની સિઝન પુરી થવા પામી છે. તો ખેડૂતોને ઓછા ઉત્પાદનની સાથે સાથે કેરીના ઓછા ભાવ મળતા પણ ખેડૂતોમાં નિરાશા જોવા મળી રહી છે. આ વર્ષે કેરીની સિઝન શરૂઆત સમયે ભાવ ૨૫૦૦થી ૩૦૦૦ જેટલા પહોંચ્યા હતા તો હાલ ભાવ ગગડીને ૬૦૦થી ૮૦૦ સુધી આવીને રહી ગયા છે.

હાલ વરસાદની શકયતા હોવાથી કેરી ખરી ખવાની બીકે ખેડૂતો તેમની પાસે જેટલી પણ કેરી બચી છે તેનો નિકાલ કરવા લાગ્યા છે. કારણ કે જો વાવાઝોડુ આવે તો તમામ કેરી ખરી જવાની ભીતી સેવાઈ રહી છે.

# પોરબંદરના સાંસદ મનસુખ માંડવીયાની કેબીનેટ મંત્રી તરીકેની વરણીને આવકાર મનુભાઈ ખુંટી

જૂનાગઢ તા.૧૨

હાલની લોકસભાની ચુંટણીમાં પોરબંદરની બેઠક પરથી ભવ્ય વિજય મેળવી મોટી લીડથી ચુંટાયેલ મનસુખભાઈ માંડવીયાને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના પ્રધાન મંડળમાં શ્રમ અને રોજગાર, યુવક સેવા અને રમત-ગમતના કેબીનેટ મંત્રી તરીકે વરણી થતા ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લી. ના વાઈસ ચેરમેન મનુભાઈ ખુંટી એ અભિનંદન પાઠવી ખુશી વ્યકત કરતા જણાવેલ છે કે, શ્રી મનસુખભાઈ સંનિષ્ઠ, પ્રમાણિક અને દરેક કામમાં પુર્ણ યોગદાન આપનાર અલગ વ્યકિતત્વ ધરાવતા વ્યકિત છે. પોરબંદર વિસ્તાર અને અમારા માટે ઉચ્ચ, શિક્ષિત, કાર્યદક્ષ વ્યકિત મળવાથી પોરબંદરના વિસ્તારનો જે વિકાસ થયો છે તેમાં વધુ તેજ ગતીએ વિકાસ થશે અને કાર્યકરોમાં નવો જુસ્સો ઉમેરાશે. મનસુખભાઈ ને કેબીનેટ મંત્રી પદ મળતા ભાજપના ચાહક વર્ગમા ખુશીની લહેર છવાયેલ છે. અને પ્રજાજનોમા પણ અનેરો ઉત્સાહ છે. સાદગીને વરેલા એવા સક્ષમ વ્યકિત મનસુખભાઈ માંડવીયાને પોરબંદર લોકસભાની સીટ પર વિજયી બની ભારત સરકારના શ્રમ અને રોજગાર, યુવક સેવા અને રમત–ગમતના કેબીનેટ મંત્રી તરીકે પસંદગી કરવા બદલ ભારતીય જનતા પાર્ટીના સક્ષમ નેતૃત્વનો આભાર માની મનસુખભાઈ માંડવીયાને મનુભાઈ ખુંટીએ અભિનંદન આપેલ હતા.

# ગણેશ જાડેજા સહિતના ૮ આરોપીઓની જેલમાં પુછતાછ : મોબાઈલ, કપડા કબ્જે કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

ગણેશ સહિતના આરોપીઓના કોર્ટે રિમાન્ડ ના મંજુર કરતા પોલીસે આ કેસમાં પુરાવાઓ એકત્ર કરવા માટે અને વધુ તપાસ માટે કોર્ટ પાસે આરોપીઓની પુછતાછ માટે મંજુરી માંગી હતી. જે અંગે કોર્ટે આરોપીઓની જેલમાં જ રહીને સૂર્યોદયથી સુર્યાસ્ત સુધી પુછતાછ કરવાની મંજુરી આપવામાં આવી છે. આ અંગે ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા જેલમાં ગણેશ સહિતના આઠ આરોપીઓની કેસના કામે પુછતાછ કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મુદ્દો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવેલ કે, ફરિયાદીનો નગ્ન વિડીયો ઉતારી માફી મંગાવવામાં આવી હોવાનું કહેવામાં આવ્યું છે તો તે મોબાઈલ કોનો હતો અને મોબાઈલ કયાં છે તે અંગે હવે આરોપીઓના મોબાઈલ અને કપડા કબ્જે કરવા માટે પોલીસે વિગતો મેળવીને તે મોબાઈલ કબ્જે લેવામાં આવશે. જેલમાં પંચોની હાજરીમાં મોબાઈલને એફએસએલ તપાસ માટે મોકલવામાં આવશે.

# શ્રી રાજગોર બ્રાહમણ જ્ઞાતિ મહીલા મંડળ-જૂનાગઢ દ્વારા જ્ઞાતિના તેજસ્વી તારલાઓનો સરસ્વતી સન્માન સમારોહ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

પરમ પૂજય સંતશ્રી મુકતાનંદબાપુજીના આર્શિવાદ અને સહયોગથી રાજગોર બ્રાહમણ જ્ઞાતિ જૂનાગઢમાં સને-૨૦૨૪માં ઉતિર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન સમારોહ રા.બ્રા.મહિલા મંડળ-જૂનાગઢ દ્વારા યોજવાનું નકકી કરવામાં આવેલ છે. ધો.૧ થી ધો.૧૨ સુધીના વિદ્યાર્થીઓ કે જેમણે ૭૦% થી વધુ માર્કસ મેળવ્યા હોય તેવા તમામ વિદ્યાર્થીઓ આ સન્માન સમારોહમાં ભાગ લઈ શકે છે. તેમજ ગ્રેજયુએશન આર્ટસ, કોમર્સ, સાયન્સ, મેડીકલ એન્જીનયરીંગ આયુર્વેદીક હોમિયોપેથીક ફાર્મસી વિગેરેમાં છેલ્લા વર્ષમાં ૭૦% થી વધુ માર્કસ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ આ સન્માન સમારોહમાં ભાગ લઈ શકશે. ધો.૧થી ધો.૧૨માં આવેલ અરજીમાં સૌથી વધુ માર્કસ મેળવનારને ૧ થી ૩ નંબર કેટેગરી આપીશું અને ધો.૧૨ આર્ટસ, કોમર્સ, સાયન્સની અગલ યાદી બનાવવામાં આવશે આ સન્માન સમારોહ કાર્યક્રમમાં પરમ પૂજય સંતશ્રી મુકતાનંદબાપુના આશિર્વાદ મળ્યા છે. તેઓ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આશિર્વાદ આપવાના છે. આ કાર્યક્રમ જૂનાગઢ શહેરમાં વસતા રાજગોર બ્રાહમણ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે જ છે.

આ સન્માન સમારોહમાં ભાગ લેવા માગતા વિધાર્થીઓએ પાસ કરેલ પરીક્ષાની માર્કસીટની ઝેરોક્ષ કોપી અને તેની ઝેરોક્ષ પાછળ પોતાનું આખુ સરનામું, મોબાઈલ નંબર કે જેમાં વોટસએપ હોય તેવા લખવાના રહેશે. આ માર્કસીટની કોપી પહોંચાડવાની તારીખ ૧૨-૬-૨૦૨૪ થી ૨૭-૬-૨૦૨૪ સુધીની મુદત રાખવામાં આવેલ છે. માર્કસીટની ઝેરોક્ષ નકલ પહોચાડવા માટે નીચે મુજબના નામ સરનામાં આપેલ છે. ત્યા પહોંચાડવાની રહેશે. સરનામાની યાદી (૧) મીનાક્ષીબેન સંજયભાઈ મહેતા c/o સંજયભાઈ બી. મહેતા ગુરૂકુપા, અમુલ શોપ, રાજમહેલ એપા. નીચે સિધ્ધનાથ મહાદેવ વાળી ગલી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ મો.૯૬૩૮૬ ૦૯૧૬૧, (૨) કૈલાશબેન દવે કિષ્નાપાર્ક સોસાયટી, ગણેશનગર પાસે, માધવ પેલેશ વાળી ગલી, જૂનાગઢ મો.૯૪૨૬૬ ૮૯૮૫૪, (૩) સોનલબેન મહેતા હેમાવન સોસાયટી, ખોડીયાર નગર પાછળ, હેમનાથ મહાદેવ મંદીર ''જય માતાજી'' લેડીઝ ચિલ્ડ્રન વેર, જૂનાગઢ મો.૯૭૨૩૨ ૦૯૬૬૧, (૪) રંજનબેન કિશોરભાઈ પાઠક બ્લોક નં.-૧૯, સદગુરૂ પાર્ક, સુંદરમ એપા. સામે મામાદેવ પછીનો સિમેન્ટનો રોડ, જૂનાગઢ મો.૬૩૫૨૬ ૩૦૫૪૯, (૫) ચંદ્રિકાબેન રમેશભાઈ મહેતા "ૐ' ફુલેશ્વર પાનની સામે, ક્રોમા વાળી ગલી, દિપાંજલી, જૂનાગઢ મો.૯૬૮૭૯ ૩૬૧૩૯, (૬) વર્ષાબેન બોરીસાગર એ/૬ ૩–૪ ગિરિરાજ પાર્ક દિપાંજલી–૨, જીતુભાઈ દ્વારકા વાળાની બાજુમાં, જૂનાગઢ મો.૯૯૦૪૦ ૧૨૦૨૮, (૭) ગીતાબેન મહેતા બ્લોક નંબર–૩૦૩, આર્યન એપા. નોબલ સ્કુલની બાજુમાં, બસ સ્ટેન્ડ પાછળ, ગિરિરાજ રોડ, જૂનાગઢ મો.૮૭૩૩૮ ૨૦૩૯૯, (૮) કૈલાશબેન વેગડા ગોકુલ નગર સોસાયટી, વિનાયક ડુપ્લેક્ષ વાળી ગલી, આર.ટી.ઓ. પહેલા, પ્રામધ્રોળ રોડ, જૂનાગઢ મો.૯૯૭૯૬ ૮૫૭૭૬, (૯) શ્રી આરતીબેન સંજયભાઈ ભરાડ ભરતવન-૧, મહેશ નગર પાછળ, રંગોલી પાન વાળી ગલી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ, મો.૯૪૨૯૭ ૬૪૯૦૯નો સંપર્ક કરવા આયોજક શ્રી રાજગોર બ્રાહમણ મહિલા મંડળ જૂનાગઢ તથા સમગ્ર ટીમની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં જ્વેલર્સ પેઢીનું રૂપિયા ૯૧ લાખનું સોનું બારોબાર વેચી નાંખનાર મેનેજરની જામીન અરજી ફગાવાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢની જ્વેલર્સ પેઢીના ૯૧ લાખના કાચા સોનાનાની ઉચાપત કરી બારોબાર વેચી નાખવાના ગુનામાં પેઢીના મેનેજર મયુર ઉર્ફે મિલન નાનજીભાઈ વાઘેલા (ઉ. ૨૫) સામે ગુનો નોંધાયા બાદ તે જેલમાં છે. તેણે પોતાની જામીન અરજીમાં એવી દલીલ કરી હતી કે, પોતાની સામે ખોટી ફરિયાદ થઈ છે. પોતાની સામે ગુનો બનતો ન હોવા છતાં રાગદ્વેષ રાખીને સંડોવી દીધો છે. કહેવાતો મુદ્દામાલ કારીગરોને દાગીના બનાવવા આપ્યો હતો. પણ તે કારીગરો પાસેથી પરત આવ્યો નથી. આની સામે જિલ્લા સરકારી વકીલ નિરવ પુરોહિતે એવી દલીલ કરી હતી કે, આરોપીએ તેણે પેઢીના સોફટવેરમાં પોતાની નીચે કામ કરતા કારીગરોના નામે ખોટી એન્ટ્રીઓ કરી પેઢીના સ્ટોક મેળમાં સાચી એન્ટ્રીનો સ્ટોક બતાવી રૂા. ૯૧ લાખની કિંમતનું ૧૨૮૨ ગ્રામ કાચું સોનું બીજા આરોપીઓને વેચવા આપી દીધું હતું. સોનુ તેના એકાઉન્ટમાં પેન્ડિંગ બોલે છે. ફરિયાદી તેના પર વિશ્વાસ રાખતા હતા. ઓડિટ પણ કર્યુ હતું. ચેકીંગ કરતાં લાખ્ખો રૂપિયાનું ફ્રોડ ધ્યાને આવેલ છે. તપાસ થતા કોમ્પ્યુટર એન્ટ્રી તાત્કાલિક બદલી દીધી હતી. આરોપી સામેની તપાસ બાકી છે. તેમના લોકરમાંથી પૈસા મળી આવ્યા છે. આથી છટ્ઠા એડીશ્નલ સેશન્સ જજ આર. ડી. પાંડેએ આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

આ ગુનામાં કલ્પેશ ઉર્ફે કલ્પરાજસિંહ દિપસિંહભાઈ નકુમ(ઉ. ૨૫, રે. ભુવાટીંબી, તા. સુત્રાપાડા) અને ભૌમિક મહિપતભાઈ પરમાર (ઉ. ૩૪, રે. દિપાંજલી-૨, જૂનાગઢ) એ પણ જુદી જુદી જામીન અરજીઓ કરી હતી. જેને પણ કોર્ટે ફગાવી દીધી હતી.

# રાજ્યમાં ખોરાકનાં ઉત્પાદન સાથે સંકળાયેલ ફૂડ બિઝનેસ ઓપરેટરોને વાર્ષિક રિટર્ન ભરવા માટેની મુદત લંબાવાઈ

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧૨

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્યના કમિશનર ડૉ. એચ. જી કોશિયા એ જણાવ્યું છે કે, રાજ્યના ખોરાકનાં ઉત્પાદન સાથે સંકળાયેલ ઉત્પાદક, રિપેકર્સ, રિલેબલર્સએ ફોર્મ- ડી-૧માં વાર્ષિક રિટર્ન તા.૩૧ મે સુધીમાં ભરવું ફરજિયાત છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરીટી ઑફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા વાર્ષિક રિટર્ન ભરવા માટેની મુદત તા.૩૦ જૂન સુધી લંબાવવામાં આવી છે. ૩૦ જૂન બાદ પણ રિટર્ન ભરવામાં વિલંબ થશે તો તમામ ખાધ પદાર્થ ઉત્પાદન કર્તાઓએ પ્રતિદિન રૂા. ૧૦૦/- પેનલ્ટી ભરી વાર્ષિક રીટર્ન ભરી શકાશે. તમામ વેચાણકર્તાઓને પેનલ્ટી ન ભરવી પડે તે હેતુથી સમયસર વાર્ષિક રિટર્ન ભરી શકાય તે માટે તંત્ર દ્વારા ૩૦ જૂન સુધીમાં રિટર્ન ભરવા તાકિદ કરવામાં આવી છે. ખાધ પદાર્થ ઉત્પાદનકર્તાઓ https://foscos.fssai.gov.in/ વેબસાઈટ પર પોતના લાયસન્સ નંબર દ્વારા લોગ-ઈન કરી વાર્ષિક રિટર્ન ભરી શકશે.ખાધપદાર્થનાં વેચાણ માટેનાં ડિસ્ટ્રીબ્યુટર, સપ્લાયર, રિટેઈલર, હોલસેલર, સંગ્રહકર્તા, ટ્રાન્સપોર્ટરને વાર્ષિક રિટર્ન ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

# જળ એ જ જીવન પરંતુ વૃક્ષ એ પ્રાણ જીવન છે




(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તિર્થ તા.૧૨

પાણી વગર માણસ કલાક સુધી જીવી શકે છે પરંતુ પ્રાણ વાયુ વગર માણસ મિનિટ પણ જીવી શકતો નથી એ પ્રાણ વાયુ આપણને આપે છે કોણ? આવો કોઈ દિવસ આપણે વિચાર કર્યો છે ખરો? એ વૃક્ષ જ આપે છે અને એ જ વૃક્ષનું આપણે નિકંદન કાઢી નાખ્યું છે તો આવો ફરીથી આપણા સહિયારા પુરુષાર્થથી વૃક્ષો આવીને તેનું જતન કરીએ.

આજે પડતી અસહ્ય ગરમી તાપમાનનો પારો ૪૫ થી ૫૦ ડિગ્રીએ પહોંચી ગયો છે ત્યારે માણસ પશુ પક્ષી તમામ ત્રાહિમામ પોકારી ગયા છે ત્યારે જો ૫૦ ડિગ્રીમાં પણ જો વૃક્ષ નીચે તમે બેસો એટલે તમને એ શીતળ છાંયડો આપે છે અસહ્ય ગરમીમાં તમને રાહત આપે છે ઠંડક આપે છે શાંતિ આપે ત્યારે તાપમાન તો છે જ પણ વૃક્ષ નીચે આવવાથી જો તાપમાનથી બચી શકાતું હોય તો આ વૃક્ષ માં ૫૦ ડિગ્રી તાપમાન સહન કરીને જીવ માત્ર ને ઠંડક પ્રદાન કરે આ વૃક્ષ પરોપકારનું કામ કરે છે આપણને પ્રાણ વાયુ આપે ફળ આપે ફૂલ આપે લાકડું આપે સાથે સાથે કાર્બન ડાયોકસાઈડ વાતાવરણમાંથી શોષીને વાતાવરણને શુદ્ધિકરણ કરે માનવ પશુ-પક્ષી જીવજંતુ તમામ સજીવને ફાયદાકારક વૃક્ષ છે તો આ વૃક્ષ આપણને ડગલેને પગલે જો કામ લાગતું હોય પ્રાણજીવન આપે તો ચાલો આપણે વૃક્ષો વાવીને તેમનુ જતન કરીએ. આપણે ૫૦ હજાર નું એસી લેશુ પરંતુ ૫૦ રૂપિયાનું વૃક્ષ નહીં વાવીએ પાંચ વૃક્ષ નહીં વાવીએ એસી તો માત્ર આપણા અને આપણા કુટુંબ પૂરતું જ સીમિત રહેશે અને ઠંડક માત્ર આપે છે એ પણ લાઈટ બિલ વધારીને જ્યારે વૃક્ષ તો તમામ માનવ જીવ જંતુ પશુ પક્ષી ને ઠંડક અને શીતળ શાંતિ આપે છે તો કયું શ્રેષ્ઠ છે એ આપણે વિચારવાનું છે. તો આજે સંકલ્પ લઈએ ચોમાસુ નજીક આવે છે દરેક ભાઈ બહેનો પાંચ પાંચ વૃક્ષ વાવી તેમનુ જતન કરીએ અને પ્રકૃતિ પ્રેમી બની અને પરોપકારનું કામ કરીએ અને આપણે અને આપણી પેઢીને શુદ્ધ ઓક્સિજન માટે સંકલ્પિત થઈએ જે ઓક્સિજન માટે કોરોના મહામારીમાં રૂપિયા દેતા ઓક્સિજન નહોતું મળતું તે મફતમાં વૃક્ષ આપણને ઓક્સિજન આપે છે ને તો આવો સંકલ્પિત થઈને સહિયારો પુરુષાર્થ કરીએ.

એક સમસ્યા ની આપને વાત કરવી છે સોમનાથ ભાવનગર હાઈવે રોડ બની રહ્યો છે ત્યારે આ હાઈવે રોડ ઉપરથી હજારો વૃક્ષો કાપી નાખ્યા છે ત્યારે હાઈવે ઓર્થોરિટીઝ અને મારી અપીલ છે સાથે દરેક લોકોને મારી અપીલ છે તથા સરકારશ્રીને મારી અપીલ છે તે હાઈવે સાઈડમાં ફરીથી વૃક્ષોનું વાવેતર થાય એમનુ જતન થાય એવો પ્રયાસ પણ સરકારશ્રી તથા હાઈવે ઓર્થોરાઈટિઝ અધિકારીઓએ કરવો જોઈએ જેથી હજારો વૃક્ષો ફરીથી લહેરાઈ શકે. આપ વૃક્ષ વાવીને અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિ તથા શ્રી સદગુરુ નેત્ર નિદાન કેમ્પ સેવા સમિતિ પત્રકાર જાદવભાઈ ઉકાભાઈ ચુડાસમા પ્રાંચી તિર્થ મોબાઈલ નંબર ૯૯૭૮૫ ૨૩૧૮૨ ઉપર નોંધ પણ કરાવો જેથી આપનું વૃક્ષ ગંગા અભિયાન થી આપણે કેટલા વૃક્ષોનું વાવેતર થયું તેની જાણ થાય.

## મંજૂરી વગર દરિયામાં માછીમારી કરતા સલાયાના સાત માછીમારો સામે ગુનો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા તાલુકાના સલાયા ગામના સાત માછીમારોએ હાલ ચોમાસાની ઋતુ હોય, દરિયામાં ન જવા અંગેના અમલમાં રહેલા જાહેરનામાનું ઉલ્લંઘન કરતા સલાયા મરીન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. આ અંગેની વિગત મુજબ સલાયામાં રહેતા અને માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા ફારૂક લતીફ સંઘાર, જાવીદ ફારુક સંઘાર, રફીક લતીફ સંઘાર, ઈમરાન કાસમ સુંભણીયા, મહેબૂબ લતીફ સંઘાર, આરીફ લતીફ સંઘાર અને મેરાબ ફારૂક સંઘાર નામના સાત માછીમારોએ હાલ ચોમાસાના દિવસોમાં દરિયામાં માછીમારી નહીં કરવા બાબતે જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરતા કલમ ૧૮૮ તથા ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા અન્વયે ગુનો નોંધવામાં આવ્યો છે.

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **વાલીબેન લખમણ વદર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **વાલીબેન લખમણભાઈ વદર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**વાલીબેન લખમણભાઈ વદર**
ગુજરાત હાઉસીંગ બોર્ડ ૧૬/૧૨૨
મોતીબાગ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **સાગરબેન રમણીકભાઈ હીરપરા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **રશ્મી ચીરાગ પટોળીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**રશ્મી ચીરાગ પટોળીયા**
વિશ્વંભરી સ્કૂલ, સરદારનગર સોસાયટી,
જૂનાગઢ રોડ, વિસાવદર - ૩૬૨૧૩૦

# દેવભૂમિ પોલીસને વધુ એક સફળતા : પેટ્રોલિંગ દરમ્યાન વધુ ૮૭૨ ગ્રામ ચરસ મળી આવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. તેમજ દ્વારકા પોલીસ દ્વારા ત્રણ દિવસ પૂર્વે દ્વારકા નજીકના દરિયા કાંઠા વિસ્તારમાંથી રૂપિયા ૧૬.૦૩ કરોડથી કિંમતનો ૩૨ કિલોથી વધુ ચરસનો જથ્થો મળી આવ્યો હતો. આ પ્રકરણ બાદ સ્થાનિક પોલીસે જારી રાખેલી ઝુંબેશ દરમિયાન ગતરાત્રે પોલીસને આશરે રૂપિયા ૪૩ લાખ જેટલી કિંમતનો વધુ પોણા નવસો ગ્રામ જેટલો ચરસનો જથ્થો બિનવારસુ હાલતમાં મળી આવ્યો છે.

દેવભૂમિ દ્વારકાના વરવાળા ગામ નજીકના દરિયા કાંઠા વિસ્તારમાંથી શુક્રવારે મોડી રાત્રિના સમયે દ્વારકા પોલીસ તથા એસ.ઓ.જી. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ત્રણ બાચકામાંથી સાંપળેલા ૩૦ પ્લાસ્ટિકના પેકેટમાં રહેલો આશરે ૩૨ કિલોથી વધુ વજનનો ડ્ર્ગ્સ (ચરસ) બિનવારસુ હાલતમાં મળી આવ્યો હતો.

આશરે રૂપિયા ૧૬.૦૩ કરોડ જેટલી આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતા ચરસના આ જથ્થા સંદર્ભે દ્વારકા પોલીસ મથકમાં શનિવારે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ આ સમગ્ર પ્રકરણ અંગેની તપાસ દ્વારકા તાબેના મીઠાપુર પોલીસ મથકના પી.એસ.આઈ. એન.એચ. જોશીને સોંપવામાં આવી હતી. તેમના દ્વારા સ્થાનિક સ્ટાફને સાથે રાખીને આ વિસ્તારના દરિયાકાંઠામાં અવિરત રીતે ચેકિંગ તેમજ પેટ્રોલિંગ કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમિયાન ગતરાત્રે મીઠાપુર નજીકના મોજપ ગામના દરિયા કાંઠેથી રૂા. ૪૨ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ કબજે વધુ એક પેકેટ બિનવારસુ હાલતમાં સાંપડ્યું હતું. જે અંગેની પોલીસ તપાસમાં તેમાં ૮૭૨ ગ્રામ ચરસ હોવાનું ખુલવા પામ્યું છે. આશરે રૂપિયા ૪૨ લાખથી વધુની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતા આ ચરસના જથ્થાને પોલીસે કબજે લઈ અને આગળની કાર્યવાહી કરી છે. ત્યારે પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં કોઈ શખ્સો દ્વારા ચોક્કસ કારણોસર ત્યજી દેવામાં આવેલા ડ્ર્ગ્સના આ જથ્થા પૈકી વધુ કેટલોક જથ્થો ઝડપાય તેવી સંભાવના વચ્ચે આ પ્રકરણમાં સંડોવાયેલા શખ્સોની પણ અટકાયત થાય તે માટે વિવિધ દિશાઓમાં પણ તપાસ જારી રાખવામાં આવી છે.

# મહિલા આઈટીઆઈ ખાતે કામકાજનાં સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ જાગૃતિ સેમીનાર યોજાયો

## સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી સહિતની યોજનાઓથી મહિલાઓને માહિતગાર કરવામાં આવી





જૂનાગઢ, તા.૧૨

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ- ૨૦૧૩ અન્વયે જાગૃતિ કાર્યક્રમનું આયોજન જૂનાગઢ મહિલા આઈ.ટી.આઈ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને જાતિગત સમાનતા, સાયબર ક્રાઈમ, મહિલા સબંધી કાયદાઓ અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા ઉપપ્રમુખ સીમાબેન મકવાણા દ્વારા શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમ અંગેની રૂપરેખા આપવામાં આવી હતી. મહિલા આઈ.ટી.આઈ ના પ્રિન્સીપાલશ્રી શ્વેતાબેન દ્વારા કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું.

પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર મનીષાબેન રત્નોતર દ્વારા સેન્ટરની, સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક અંકિતાબેન ભાખર દ્વારા વન સ્ટોપ સેન્ટરની સેવાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના કાર્મચારીઓ ડીસ્ટ્રીક મિશન કોર્ડીનેટર આભાબેન મહેતા એ મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ જેવીકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના, સ્વાલંબન યોજના વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી બી.ડી.ભાડ દ્વારા કાયદાકીય યોજના વિષે માહિત આપી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી.જી સોજીત્રા દ્વારા કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩" જોગવાઈઓ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. અને અંતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ બાબતે તૈયાર કરવામાં આવેલ "પ્રતિકાર" શોર્ટ ફિલ્મ બતાવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના જેન્ડર સ્પેશિયાલીસ્ટ ખુંટ કૃપા જૂનાગઢ શહેર સેક્રેટરી ચાંદનીબેન રૂપારેલીયા, કિરણબેન સોલંકી, રૂપલબેન મૂળચંદાની તેમજ મહિલા આઈ.ટી.આઈ ના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર સુત્રાપાડા હાઈવે ઉપર ગત રાત્રીના ડમ્પરમાં અથડાઈ જતા બાઈક ચાલક યુવાનનું મૃત્યુ

## યુવાનના મૃત્યુ પગલે કોળી સમાજના યુવાનો દ્વારા મૃતદેહ રસ્તા ઉપર મૂકી ચક્કાજામ સર્જી મૃતકના પરિવાર માટે સહાયની માંગ







### સવારથી બપોર સુધી સર્જાયેલા ચક્કાજામ બાદ કોળી સમાજના આગેવાનો અને પોલીસની સમજાવટ બાદ મામલો થાળે પડ્યો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૨

કોડીનાર સુત્રાપાડા હાઈવે રોડ ઉપર રાખેજ ગામ પાસે રસ્તા ઉપર બંધ પડેલ ડમ્પર (ટ્રક) સાથે અકસ્માતે મોટર સાઈકલ અથડાતા કોડીનારના યુવાનનું મોત આ અકસ્માતની ઘટનામાં યુવાનનું મૃત્યુ થતાં લોકો રોષે ભરાયા હતા અને યુવાનના મૃતદેહને રસ્તા ઉપર રાખી સહાયની માંગ સાથે રસ્તો ચક્કાજામ કર્યો હતો. તંત્રની કલાકોની સમજાવટ બાદ વળતરની ખાતરી મળતા રસ્તો ખુલ્લો થયો હતો.

આ બનાવની વિગત એવી છે કે કોડીનારના પણાદર રોડ પાસે રહેતા અને ધામળેજ ખાતે ફરસાણની દુકાન ચલાવતા મેણસીભાઈ સોલકી (ઉ.વ ૪૫) ગત રાત્રિ ના ૯.૩૦ કલાકે પોતાની ફરસાણની વધાવીને પિતા-પુત્ર બંને પોતાની મોટર સાઈકલમાં કોડીનાર પરત ફરી રહ્યા હતા ત્યારે રાખેજ પાસે રોડ ઉપર કોઈપણ જાતની પાર્કિંગ લાઈટ કે ઈન્ડિકેટર વગર બંધ પડેલા ટ્રક સાથે મોટર સાયકલ અથડાતા મેણસીભાઈનું ઘટના સ્થળે કરૂણ મૃત્યુ થયું હતું. આ બનાવની જાણ થતાં કોળી સમાજના યુવાનો ઘટના સ્થળે પોહચી હાઈવેને ચક્કાજામ કરેલ હતો આ બનાવની પોલીસને જાણ થતાં ઘટના સ્થળે પોહચી મેણસીભાઈ સોલંકીના મૃતદેહને કોડીનાર સરકારી દવાખાને પી.એમ અર્થે લવાયો હતી. જ્યારે સવારે પોસ્ટમોર્ટમ પૂરૂ થાય બાદ ફરી કોળી સમાજના લોકો મેણસીભાઈના મૃતદેહને લઈ ઘટના સ્થળથી આગળ આવેલ રાખેજ ચોકડી ખાતે રસ્તા વચ્ચે રાખી અને રોડ ઉપર બેફામ ચાલતા વાહનો સામેની કાર્યવાહી કરવા તેમજ મૃર્તક યુવાનના પરિવારને યોગ્ય વળતર આપવાની માંગણી સાથે રસ્તો ચક્કાજામ કર્યો હતો. આ ઉપરાંત મહિલાઓ પણ વિફરતા મહિલાઓ દ્વારા કોડીનારના શહેરના હરિઓમ ચોક ખાતે પણ રસ્તો ચકાજામ કર્યો હતો બાદ તંત્રની કોળી સમાજના આગેવાનો અને પોલીસની સમજાવટ બાદ મામલો થાળે પડ્યો બનાવની વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે. કોડીનાર વિસ્તારમાં ટ્રક દ્વારા બે દિવસ માં બે અકસ્માતમાં બે આશાસ્પદ યુવાનો મોત ને ભેટેલ હોય ટ્રક ચાલકો સામે રોષે ભરાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છ કે બે દિવસ પૂર્વે કોડીનાર શહેરના હરિઓમ ચોક પાસે યુવાન ટ્રક હેઠળ આવી જતા તેનું કારણ મૃત્યુ નીપજયું હતું. જયારે આજે કોડીનાર સુત્રાપાડા રોડ ઉપર સર્જાયેલા અકસ્માતમાં ફરી એક યુવાનનું મૃત્યુ થતાં આજે રોડ ચક્કાજામ કર્યા બાદ ફરી હરિઓમ ચોક ખાતે પણ ચક્કાજામ કરતા બે દિવસ પૂર્વે ઘટના સમયે કોઈ રોષ જોવા નહોતો મળ્યો ત્યારે આજની ઘટનામાં ઓચિંતો યુવાનોમાં રોષ જોવા મળતા શહેરના લોકોમાં અનેક તર્ક વિતર્કો થવા લાગ્યા હતા અને શહેર મધ્યથી માતેલા સાંઢની જેમ નીકળતા હેવી લોડિંગ વાહનોને કારણે વારંવાર સર્જાતી ટ્રાફિક સમસ્યા અને અકસ્માતોથી પોલીસ તંત્ર કાયમી મુક્તિ અપાવે તેવી આ ઘટના બાદ લોકમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# જૂનાગઢ તાલુકા (શહેર)નો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬ જુનના યોજાશે

જૂનાગઢ, તા.૧૨

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોનાઉકેલ માટે લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા માટે ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુછે. જેમાં જૂનાગઢ તાલુકા(શહેર) માટે તા.૨૬-૦૬-૨૦૨૪ સવારે ૧૧ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, તાલુકા સેવા સદન, સરદારબાગ જૂનાગઢ ખાતે યોજાશે.

મુખ્યમંત્રીનો સ્વાગત ઓનલાઈન(ફરિયાદ નિવારણ) કાર્યક્રમમાં કોઈપણ અરજદારને અરજી કરતા પહેલા ગ્રામ્યકક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત તલાટીકમમંત્રી, ગ્રામસેવકને પ્રથમ અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રશ્ન અંગે લેખિતમાં રજૂઆત કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, આ કાર્યક્રમમાં રજૂ થતાં પ્રશ્નો ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ, આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે અને આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે, સામુહિક રજૂઆતો નહિ થઈ શકે તે પ્રકારની અરજીઓ રજૂ થઈ શકશે તથા મુદત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆતવાળી અરજીઓ, કચોરીના એક કરતા વધુ વિભાગીય પ્રશ્નો,સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામસરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવાપાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી, ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન તથા અગાઉના સ્વગાત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો આ કાર્યક્રમમાં અરજીઓ રજૂ થઈ શકશે નહી તેમ જૂનાગઢ(શહેર) મામલતદારની આખબારી યાદીમાં જણાવાયું છે.

# અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે EDGE જૂથ સાથે સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રમાં મહત્વપૂર્ણ કરાર કર્યા



અમદાવાદ, તા.૧૨

ભારતની અગ્રણી સંરક્ષણ અને એરોસ્પેસ કંપનીઓમાંની એક અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે વિશ્વની અગ્રણી અદ્યતન ટેકનોલોજી અને સંરક્ષણ જૂથોમાંની એક UAE સ્થિત EDGE ગ્રૂપ સાથે મહત્વપૂર્ણ કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ કરારનો ઉદ્દેશ્ય બંને કંપનીઓની સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષમતાઓનો લાભ ઉઠાવતા વૈશ્વિક પ્લેટફોર્મની સ્થાપના કરવાનો છે. તેઓ તેમના સંબંધિત ઉત્પાદન પોર્ટફોલિયોને એકસાથે લાવી વૈશ્વિક અને સ્થાનિક ગ્રાહકોની જરૂરિયાતોને પૂરી કરવા સક્ષમ બનશે. જેમાં એરબોર્ન, સરફેસ, પાયદળ, દારૂગોળો અને હવાઈ સંરક્ષણ ઉત્પાદનો, માનવરહિત એરિયલ સિસ્ટમ્સ (UAS), લોટરિંગ મ્યુનિશન, કાઉન્ટર ડ્રોન સિસ્ટમ્સ, માનવરહિત જમીનને આવરી લેતી મિસાઈલ અને હથિયારો સહિત વાહનો (UGV), તેમજ ઈલેક્ટ્રોનિક વોરફેર (EW) અને સાયબર ટેકનોલોજીમાં ઈદ્ધઈ અને અદાણીના મુખ્ય ઉત્પાદન ડોમેન્સમાં સહકારનું મૂલ્યાંકન શામેલ છે. આ કરાર ભારત અને UAEમાં સુવિધાઓની સ્થાપનાનું અન્વેષણ કરશે. સંરક્ષણ અને એરોસ્પેસ સોલ્યુશન્સના વિકાસ, ઉત્પાદન અને જાળવણી સુવિધાઓની સ્થાપના માત્ર બે કેપ્ટિવ બજારોને જ નહીં પરંતુ દક્ષિણપૂર્વ એશિયાઈ અને વ્યાપક વૈશ્વિક બજારોને પણ સેવા આપશે. અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના CEO આશિષ રાજવંશીએ જણાવ્યું હતુ કે, “અમારો સહયોગ સંરક્ષણ ક્ષમતાઓને વધારી એક નવા યુગની શરૂઆત કરશે, જે ટેકનોલોજીકલ કૌશલ્યને આગળ વધારવા તેમજ ભારત અને UAE વચ્ચે દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને પ્રોત્સાહન આપવા અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ કરાર માત્ર બે દેશો માટે અત્યાધુનિક ઉકેલો જ નહીં પરંતુ વૈશ્વિક સંરક્ષણ લેન્ડસ્કેપમાં નવા માપદંડો સ્થાપિત કરીને આપણા રાષ્ટ્રની ક્ષમતાઓને મજબૂત કરવાના અમારા સહિયારા વિઝનનું પ્રતિબિંબ છે.

Edge ગ્રુપના મેનેજિંગ ડાયરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર હમાદ અલ મારરે જણાવ્યું હતું કે, અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ સાથેનો અમારો કરાર, ભારતના સંરક્ષણ ઉદ્યોગમાં અમારા સંબંધોને મજબૂત કરવા અને UAE-ભારત સૈન્ય સંબંધોને આગળ વધારતી પરસ્પર પ્રતિબદ્ધતાને રેખાંકિત કરતા મહત્વપૂર્ણ સીમાચિહ્ન સમાન છે. આ કરાર અમારા ગ્રાહકોને સૌથી અદ્યતન અને અત્યાધુનિક ઉત્પાદનો બજારમાં લાવવાના અમારા સમર્પણને પ્રતિબિંબિત કરે છે. અમે અદાણી ડિફેન્સ અને Edge વચ્ચે સંયુક્ત

# મારવાડી યુનિવર્સિટી ખાતે સીઈ, આઈટી, એઆઈ અને આઈસીટી પ્રોગ્રામ્સના ૨૬ વિદ્યાર્થીઓને ટ્રેકવાઈઝ - ટીએસએસ કન્સલ્ટન્સીમાં પ્રી-પ્લેસમેન્ટ પ્રાપ્ત થયું

## સાતમા સેમીસ્ટરમાં અભ્યાસ કરી રહેલા તમામ ૨૬ વિદ્યાર્થીઓને એસોશિયેટ સોફ્ટવેર એન્જિનીયરની ભૂમિકા આપવામાં આવી



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૨

મારવાડી યુનિવર્સિટી માટે ફરી એકવાર ગર્વની ક્ષણ આવી છે, કારણ કે, તેના એન્જિનીયરિંગના ૨૬ વિદ્યાર્થીઓને પ્રી-પ્લેસમેન્ટ મળી ગયું છે, જેનો અર્થ એ છે કે આ વિદ્યાર્થીઓનું ગ્રેજ્યુએશન પૂરૂ થાય એ પહેલાં જ તેમને ખૂબ જ આકર્ષક નોકરી આપવામાં આવી છે. મારવાડી યુનિવર્સિટી ખાતે ભણાવવામાં આવતા વિવિધ વિષયો જેમ કે, કમ્પ્યૂટર એન્જિનીયરિંગ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ અને ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી (આઈસીટી)ના સાતમા સેમીસ્ટરમાં અભ્યાસ કરી રહેલા ૨૬ વિદ્યાર્થીઓની હાલમાં જ યોજાયેલા પ્રી-પ્લેસમેન્ટ રાઉન્ડ દરમિયાન ટ્રેકવાઈઝ - ટીએસએસ કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડમાં ભરતી કરવામાં આવી છે.

આ વિષયોના સાતમા સેમીસ્ટરમાં અભ્યાસ કરી રહેલા લગભગ ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓમાંથી ૬૦ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા આયોજિત પ્લેસમેન્ટ પ્રોગ્રામમાં સામેલ થયાં હતાં. આ વિદ્યાર્થીઓને રૂા. ૪ લાખથી રૂા. ૪.૬ લાખ સુધીના વાર્ષિક સરેરાશ પેકેજ પર એસોશિયેટ સોફ્ટવેર એન્જિનીયરની ભૂમિકામાં નોકરી આપવામાં આવી છે.

રટ્રેકવિઝ એ એક ટેકનોલોજી સોલ્યુશન કંપની છે, જે નાણાકીય ગુનાઓની સામે લડત આપી રહેલી કંપનીઓને મદદરૂપ થવા એન્ડ-ટુ-એન્ડ ટેકનોલોજી સોલ્યુશનો પૂરાં પાડે છે, આવી કંપનીઓના અનુપાલનને મહત્તમ સ્તરે લઈ જાય છે અને ખૂબ જ ઝડપથી વિશ્વ-સ્તરીય ટેકનોલોજી પૂરી પાડીને તેમની કામગીરીઓને સરળ બનાવે છે. નોકરી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓમાં ૧૯ છોકરા છે અને ૭ છોકરીઓ છે, જેઓ રાજકોટમાં આવેલી ટ્રેકવિઝની સેટેલાઈટ ઑફિસમાં જોડાશે.

મારવાડી યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર ડો.આર. બી. જાડેજાએ જણાવ્યું હતું કે, ‘ટ્રેકવિઝ ટીએસએસ કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડે રાજકોટમાં આવેલા મારવાડી યુનિવર્સિટીના કેમ્પસમાં એક વિશેષ પ્લેસમેન્ટ અભિયાન હાથ ધર્યું હતું. અમને એ વાતનો ગર્વ છે કે અમારા ૨૬ વિદ્યાર્થીઓનું તેમના જે-તે વિષયમાં ગ્રેજ્યુએશન પૂરું થાય તે પહેલાં જ તેમને નોકરી આપી દેવામાં આવી છે. અમે આ કંપનીના આભારી છીએ, જેણે અમારા પ્રત્યેક વિદ્યાર્થીમાં તેમના શીખવા પ્રત્યેના વલણ, સ્થિતિસ્થાપકતા અને અનુકૂલનશીલતાના ગુણોને પારખ્યાં અને તેને બિરદાવ્યાં તથા નોકરી માટે એક લાયક ઉમેદવાર તરીકે તેમને પસંદ કર્યા. આ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ એ વાતનો પુરાવો છે કે મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટીના સભ્યો અથાક રીતે વિદ્યાર્થીઓના કૌશલ્યોને નિખારી રહ્યાં છે અને તેમના જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરી રહ્યાં છે.’ મારવાડી યુનિવર્સિટીમાંથી નિયમિતપણે વિદ્યાર્થીઓની ભરતી કરનારી આ કંપનીએ વિદ્યાર્થીઓ તથા તેમના શિક્ષણની ગુણવત્તા પ્રત્યેની તેની હકારાત્મક પ્રતિક્રિયા જાળવી રાખી છે. એટલું જ નહીં, મારવાડી યુનિવર્સિટીના કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ આ કંપનીમાં ભરતી પામ્યાં હતાં, તેઓ હજુ પણ ત્યાં કાર્યરત છે અને છેલ્લાં પાંચ વર્ષમાં તેમણે તેમની કારકિર્દીમાં ખૂબ સારી પ્રગતિ કરી છે. યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટના રાઉન્ડ સતત ચાલી રહ્યાં છે, જેમાં દર વર્ષે પ્લેસમેન્ટ રાઉન્ડ્સમાં ૪૫૦થી વધારે કંપનીઓની હાજરી જોવા મળે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# બંગાળમાં રાજ્ય પ્રાયોજિત હિંસા

બંગાળને લઈને એ આશંકા સાચી સાબિત થવી ચિંતાજનક પણ છે અને રાષ્ટ્રીય શરમનો વિષય પણ કે ત્યાં ચૂંટણી બાદ હિંસા થઈ શકે છે. બંગાળમાં રાજકીય હિંસાનો સિલસિલો ચૂંટણી પહેલાં જ ચાલુ થઈ ગયો હતો. રાજ્યમાં હિંસાની અનેક ઘટનાઓ ચૂંટણી દરમ્યાન પણ જોવા મળી અને હવે ચૂંટણી ખતમ થઈ ગયા બાદ પણ હિંસા ચાલુ જ છે.

તૃણમૂલ કોંગ્રેસ સમર્થક વિરોધી દળો અને વિશેષ રૂપે ભાજપી નેતાઓ અને કાર્યકર્તાઓને નિશાનો બનાવી રહ્યા છે. એવું ત્યારે થઈ રહ્યું છે, જ્યારે ચૂંટણી પંચના નિર્દેશ પર બંગાળમાં કેન્દ્રીય સુરક્ષા દળોની તૈનાતી ૧૯ જૂન સુધી વધારી દેવામાં આવી છે. એવું ચૂંટણી બાદ હિંસાની પ્રબળ આશંકાને જોતાં કરવામાં આવ્યું હતું. એ આશ્ચર્યજનક છે કે બંગાળમાં કેન્દ્રીય સુરક્ષા દળોની ચારસો કંપનીઓ તૈનાત છે અને તેમ છતાં ત્યાં હિંસા થઈ રહી છે. તેનો સીધો અર્થ છે કે આ હિંસા તૃણમૂલ કોંગ્રેસ નેતાઓના ઈશારે થઈ રહી છે. આશ્ચર્ય નહીં કે અરાજક તત્ત્વોને બંગાળ પોલીસનું મૌન સમર્થન હાંસલ હોઈ શકે. તેના અણસાર એટલા માટે છે, કારણ કે રાજ્યમાં વિધાનસભા ચૂંટણી દરમ્યન પણ મોટા પાયે જે હિંસા થઈ હતી, તે બંગાળ પોલીસના મૂકદર્શક બની રહેવાને કારણે થઈ હતી અને એને કારણે જ કેટલાય ભાજપી કાર્યકર્તા અને તેના સમર્થકોની હત્યા કરવામાં આવી હતી. ત્યારે હિંસાનો દોર એટલો ભયાનક હતો કે કેટલીક મહિલાઓ સાથે દુષ્કર્મ પણ આચરવામાં આવ્યાં હતાં. એ સમયે આતંકનો એવો માહોલ બનાવવામાં આવ્યો હતો કે કેટલાય લોકોએ પોતાનાં ઘરબાર છોડીને પડોશી રાજ્ય અસમમાં આશરો લેવો પડ્યો હતો.

૨૦૨૧માં વિધાનસભા ચૂંટણી બાદ થયેલ હિંસાની નોંધલેતાં કલકત્તા હાઈકોર્ટે સીબીઆઈને હિંસક ઘટનાઓની તપાસ કરવાનું કહ્યું હતું. એ તપાસ દરમ્યાન તૃણમૂલ કોંગ્રેસના કેટલાય નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ એવું લાગે છે કે આ કાર્યવાહી પણ તૃણમૂલ કોંગ્રેસના અરાજક તત્ત્વોના દુસ્સાહસનું દમન ન કરી શકી. તેનું પ્રમાણ ૨૦૨૩માં પંચાયત ચૂંટણી દરમ્યાન થયેલ ભીષણ હિંસાથી મળ્યું હતું, જેમાં ૩૦થી વધારે લોકોના જીવ ગયા હતા.

આ લોકસભા ચૂંટણીમાં પણ હિંસાને કારણે કેટલાય લોકોના જીવ ગયા છે. એ ઠીક છે કે ચૂંટણી બાદ હિંસા પર કલકત્તા હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરતાં ત્યાં સુધી કહી દીધું કે રાજ્ય સરકાર હિંસા પર લગામ ન લગાવી શકે તો કેન્દ્રીય સુરક્ષા દળોને પાંચ વર્ષ સુધી બંગાળમાં તૈનાત કરવાનો આદેશ આપવો પડશે. હાઈકોર્ટની આ કઠોર ટિપ્પણી બાદ પણ મમતા સરકારને કશી અસર નથી થઈ, કારણ કે તે તમામ દોષ વિરોધી દળો પર નાખી દેછે. વાસ્તવમાં જ્યાં સુધી બંગાળમાં હિંસા માટે મમતા સરકારને સીધી રીતે જવાબદાર નહીં ઠેરવવામાં આવે, ત્યાં સુધઈ રાજ્યની હાલત સુધરવાની નથી.

## ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારમાં ઈજાગ્રસ્ત નીલગાયની સારવાર કરાઈ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા તાલુકાના ભંડારીયા ગામે આવેલા વાડી વિસ્તારમાં એક નીલગાય ઈજાગ્રસ્ત હાલતમાં હોવા અંગેની જાણ સ્થાનિકો દ્વારા અહીંની પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને કરવામાં આવી હતી.

જેને અનુલક્ષીને સંસ્થાના અશોકભાઈ સોલંકી, દેશુરભાઈ ધમા, મેહુલ યાજ્ઞિક અને ફોરેસ્ટ વિભાગના ગીરીશભાઈ ડામોર આ સ્થળે દોડી ગયા હતા અને નીલગાયને બચાવીને વધુ સારવાર અર્થે અહીંની અબોલ તીર્થ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મનુષ્યને બાદ કરતા બીજા કોઈપણ પ્રાણી ઈચ્છાશક્તિ નથી ધરાવતા

- પૂ. શ્રી રમેશભાઈ ઓઝા

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૬ સ્કંદ ષષ્ઠી, અરણ્ય ષષ્ઠી, અરણ્યગૌરી વ્રત, વટસાવિત્રી વ્રત (અમાસ પક્ષ) તા.૧૨ જૂન ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૫, મઘા નક્ષત્ર, હર્ષણ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નાણાંકીય સમસ્યા ગુંચવાય. પ્રગતિમાં રૂકાવટ આવે.
વૃષભ:કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે.
મિથુન:નવિન લાભની તક સાંપડે. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.
કર્ક: મનમાં ગુપ્ત ચિંતા સતાવે. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
સિંહ: નવા આયોજન સફળતાથી પાર પડે. ગૃહસ્થીજીવન આનંદમય રહે.
કન્યા: મહત્વની મુલાકાત સફળ નીવડે. મનમાં ગુપ્ત ચિંતા રહે.
તુલા: વાણી સંયમ જાળવવો હિતાવહ. કાર્યબોજ વિશેષ રહે.
વૃશ્ચિક:ગૃહસ્થીજીવનમાં આનંદ છવાઈ જાય. અણધાર્યો લાભ મળે.
ધન: કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે. દરેકપ્રકારના કાર્યોનિર્વિઘ્ને પાર કરી શકશો.
મકર: કૌટુંબિક કાર્યમાં સફળતા મળે. મહત્વના કાર્યો પૂર્ણ થાય.
કુંભ: વિરોધીઓના હાથ હેઠા પડે.નવિન ઓળખાણથી લાભ થાય.
મીન: માનસિક ચિંતામાં વધારો થાય. જીવનસાથી, ભાગીદારીથી મનદુઃખ થાય.

# માંગરોળ : ચોમાસા પહેલા પાણીના વહેણને અવરોધરૂપ દબાણો-પેશકદમીઓ દુર કરવા માંગ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૨

માંગરોળમાં ગત વર્ષે પડેલા ધોધમાર વરસાદને લીધે ચોતરફ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. તંત્ર હરકતમાં આવ્યું તે પહેલાં તો શહેર અને બંદર વિસ્તારની અનેક સોસાયટીઓ, રહેણાંક મકાનોમાં પાણી ઘુસી ગયા હતા અને લોકોને પારાવાર હાલાકી વેઠવી પડી હતી. ત્યારે સોસાયટીના રહીશોએ અગમચેતીના ભાગરૂપે વરસાદી પાણીના વહેણને અવરોધરૂપ દબાણો અને તળાવમાં પેશકદમી દૂર કરવા તંત્રને આવેદન પાઠવ્યું હતું.

શહેરમાં ખાબકેલા ભારે વરસાદ અને પાણીના નિકાલના અભાવે ગત વર્ષે ગાયત્રી નગર, ભવાની નગર, ભક્તિ નગર, સંતોષી નગર સહિત બાયપાસ પર આવેલી અનેક સોસાયટીઓ ઉપરાંત બંદર વિસ્તારમાં પાણીનો ભરાવો થયો હતો. અમુક વિસ્તારોમાં તો આવવા જવા માટે હોડીનો સહારો લેવો પડ્યો હતો. કમરડૂબ પાણી વચ્ચે હાઈવે પરના ડિવાઈડરો, દિવાલો તોડ્યા બાદ ધીમી ગતિએ પાણી ઓસર્યા હતા.

ગાયત્રી નગરના રહેવાસીઓએ મામલતદાર અને ચિફ ઓફીસરને આવેદન પાઠવી રજૂઆત કરી છે કે ગાયત્રી નગર તથા આજુબાજુની તમામ સોસાયટીના વરસાદી પાણીનું વહેણ નાલા સ્વરૂપે આ સોસાયટીથી આવેલું છે. જે રાજાશાહીના સમયથી છે. આ વહેણ એક ઈસમની ખેતીની જમીન પાસેથી ઉત્તરથી દક્ષિણ તરફ છે. જે કેશોદ બાયપાસ ચોકડી પાસે તળાવની બાજુમાં રોડ નીચે નાલા સુધી આવેલું છે. હાલમાં વરસાદી પાણીનું વહેણ અવરોધાય તેવી રીતે બાંધકામ થઈ રહ્યું છે. ખેતીની જમીનમાં બિનખેતી કરાવ્યા વિના થતું હોય તો ગેરકાયદેસર છે અને મંજૂરી આપવામાં આવી હોય તો વરસાદી પાણીના નિકાલ માટે અવરોધ ઊભો થાય તેમ છે.

આ બાંધકામને લીધે સોસાયટીઓમાં પાણીનો ભરાવો થાય અને ઘરોમાં પણ બે બે ફૂટ પાણી ફરી વળે તેવી સ્થિતિ સર્જાઈ તેમ છે. આ ઉપરાંત પોરબંદર રોડ પર નેશનલ હાઈવે ઓથો. દ્વારા પાણીના નિકાલ માટેની કેનાલ પણ તોડી બૂરી નાંખવામાં આવી છે. સોસાયટીમાં જવાના મુખ્ય માર્ગે કેનાલ ઉપરની સિમેન્ટની પાંખડીઓ પણ તોડી નાંખી છે. પરિણામે આ જગ્યાએ ઉંડા ખાડા થઈ ગયા છે. રાજાશાહીના સમયના તળાવમાં પણ ગે.કા. પેશકદમી કરી, ભરતી કરી તળાવ બૂરી દેવાની પેરવી થઈ રહી છે. જેથી તેમાં પાણીનો વધુ સંગ્રહ થઈ શકે તેમ નથી. તંત્ર પ્રિમોન્સુનની કામગીરી અને પાણીના નિકાલને લગતા અવરોધ તાબડતોબ દુર કરવા કાર્યવાહી હાથ ધરે તેવી માંગ ઉઠી છે.

# નર્મદા નદીની પાઈપ લાઈનમાં ખોટકો: હાલાર પંથકમાં પાણી વિતરણ વ્યવસ્થા ખોરંભે



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

દેવભૂમિ દ્વારકા તથા જામનગર જિલ્લામાં અનેક વિસ્તારોમાં નર્મદા નદીના પાણી પાઈપ લાઈન મારફતે આપવામાં આવે છે. ત્યારે અહીં અનેક ગામોનો આધાર નર્મદાના નીર પર રહેલો છે. હાલ કાળઝાળ ઉનાળામાં મોટાભાગના બોર, કુવા, ડેમ સહિતના જળ સ્ત્રોતો તળિયાઝાટક બની રહ્યા છે. ત્યારે દ્વારકા અને જામનગર જિલ્લાના અનેક ગામો નર્મદાના પાણીના આશરે છે.

આ પરિસ્થિતિમાં નર્મદાની પાઈપલાઈનમાં મોટું લીકેજ સર્જાતા સમારકામ માટે રવિવાર તથા ગઈકાલે સોમવારે એમ બે દિવસ માટે કામગીરી હાથ ધરાઈ છે. જેને અનુલક્ષીને પાણીનું વિતરણ બંધ રાખવામાં આવતા અનેક ગામોમાં જળ વિતરણની વ્યવસ્થા પ્રભાવિત થઈ છે. દ્વારકા જિલ્લામાં દૈનિક આશરે પાંચેક કરોડ લીટર નર્મદાનું પાણી આવે છે. તો નર્મદા નદીની પાઈપલાઈન અનેક ગામોમાં આવી ગઈ છે. જેથી નર્મદાનું પાણી અનેક ગામોના લોકો માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે.


અગાઉના વર્ષોમાં ખંભાળિયા પંથકમાં ૨૫-૩૦ ઈંચ વરસાદ પડે તો પણ આ પાણી આખું વર્ષ ચાલતું હતું અને નર્મદાના પાણીનો વિકલ્પ પણ ન હતો. ત્યારે હાલના સમયમાં અહીં દર વર્ષે ૫૦-૫૫ ઈંચ સુધી પાણી વરસે છે. તો પણ મે-જૂન માસમાં પાણીનો વિકટ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. વધુ પડતા જળના ઉપયોગથી અને બોર-કુવા રિચાર્જ ન થતા ભૂગર્ભ જળનો જથ્થો ખૂબ જ ઊંડે સુધી પહોંચી ગયો છે.

ખંભાળિયાના રામનાથ સોસાયટી વિસ્તારમાં ઘી નદી નજીકના વિસ્તારોમાં અગાઉ ૪૦-૫૦ ફૂટે બોરમાં પાણી આવી જતું હતું. પરંતુ હવે ૩૦૦-૪૦૦ ફૂટે પાણી નીકળતું હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. આ વિસ્તારના લોકો નર્મદા નદીના આશ્રિત બની રહ્યા છે. ત્યારે ચોમાસામાં ઘી ડેમ ઓવરફ્લો થતાં આ પાણી નદીમાં જઈને દરિયામાં નિરર્થક વહી જાય છે. તો વ્યય થતા આ કિંમતી વરસાદી પાણીને રોકવા માટે કુવા તથા બોર રિચાર્જ કરવા તેમજ આ વિસ્તારમાં મહત્તમ નવા ચેકડેમ અને તળાવ બનાવવા ખૂબ જ અનિવાર્ય છે.

### જો કોઈ રીલ કરશે તો મોબાઈલ જપ્ત કરવામાં આવશે

# ઉત્તરાખંડમાં ચાર ધામ બાદ હવે નૈના મંદિરમાં પણ રીલ બનાવવા પર પ્રતિબંધ

### આ ઉપરાંત મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો અને પ્રવાસીઓના વસ્ત્રો અંગે પણ સૂચના જારી કરવામાં આવી છે કે તેઓએ મંદિરમાં શિષ્ટ વસ્ત્રો પહેરીને પ્રવેશ કરવો



નવી દિલ્હી, તા.૧૨

ઉત્તરાખંડમાં ચાર ધામ બાદ હવે નૈના મંદિરમાં પણ રીલ બનાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ ઉપરાંત મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો અને પ્રવાસીઓના વસ્ત્રો અંગે પણ સૂચના જારી કરવામાં આવી છે કે તેઓએ મંદિરમાં શિષ્ટ વસ્ત્રો પહેરીને પ્રવેશ કરવો.ઉત્તરાખંડના ચાર ધામ બાદ હવે નૈનીતાલના વિશ્વ પ્રસિદ્ધ મા નૈના દેવી મંદિરમાં રીલ બનાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ઉપરાંત, મંદિર પ્રબંધન દ્વારા મંદિરમાં આવતા ભક્તોને શિષ્ટ વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશ કરવા માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.માહિતી આપતાં, મંદિરનું સંચાલન કરતા અમર ઉદય ટ્રસ્ટ મેનેજમેન્ટના પ્રવક્તા શૈલેન્દ્ર મેલકાણીએ જણાવ્યું કે, મા નૈના દેવી મંદિર ૫૧ શક્તિપીઠોમાં સામેલ છે. મા નૈના દેવી મંદિરના દર્શન કરવા માટે દેશના ખૂણે-ખૂણેથી ભક્તો આવે છે. આવી સ્થિતિમાં મંદિરમાં આવતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ દ્વારા રીલ બનાવવામાં આવે છે, જેના પર મંદિર મેનેજમેન્ટ દ્વારા સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આ ઉપરાંત મંદિરમાં આવતા ભક્તો માટે ભારતીય સંસ્કૃતિ મુજબના વસ્ત્રો પહેરવા માટે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.શૈલેન્દ્ર મેલકાણીએ જણાવ્યું હતું કે તાજેતરમાં એક મહિલાએ મંદિર પરિસરમાં વાંધાજનક રીલ બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી હતી, જેના કારણે હજારો ભક્તોની લાગણી દુભાઈ છે, જેને ધ્યાનમાં રાખીને મંદિર મેનેજમેન્ટે આ નિર્ણય પર રોક લગાવી દીધી છે. મંદિરમાં રીલ્સ. જો કોઈ ભક્ત કે પ્રવાસી મંદિર પરિસરમાં રીલ બનાવતો જોવા મળશે તો તેનો મોબાઈલ જપ્ત કરવામાં આવશે અને તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### ઓક્સફર્ડ યુનિવર્સિટી તામિલનાડુના

# મંદિરમાંથી ચોરાયેલી ૫૦૦ વર્ષ જૂની પ્રતિમા ભારતને પરત કરશે

### તમિલનાડુના મંદિરમાંથી ચોરાયેલી કાંસ્ય મૂર્તિ માટે ભારત સરકારે બ્રિટિશ મ્યુઝિયમને ઔપચારિક વિનંતી મોકલી હતી

નવી દિલ્હી, તા.૧૨

બ્રિટનની પ્રખ્યાત ઓક્સફોર્ડ યુનિવર્સિટીએ એક સંતની ૫૦૦ વર્ષ જૂની કાંસ્ય પ્રતિમા ભારતને પરત કરવા સંમતિ આપી છે. કહેવાય છે કે તે તમિલનાડુના મંદિરમાંથી ચોરાઈ હતી.યુનિવર્સિટીના અશ્મોલિયન મ્યુઝિયમ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૧૧ માર્ચ, ૨૦૨૪ના રોજ, ઓક્સફર્ડ યુનિવર્સિટીની કાઉન્સિલે અશ્મોલિયન મ્યુઝિયમમાંથી સંત તિરુમાનકાઈ અલવરની ૧૬મી સદીની કાંસ્ય પ્રતિમા પરત કરવાના ભારતીય હાઈ કમિશનના દાવાને સમર્થન આપ્યું હતું. આ નિર્ણય હવે ચેરિટી કમિશન સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

સંત તિરુમાનકાઈ અલવરની ૬૦ સેમી ઊંચી પ્રતિમા ૧૯૬૭માં ડૉ. જે.આર. દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. તે બેલમોન્ટ (૧૮૮૬–૧૯૮૧) નામના કલેક્ટરના સંગ્રહમાંથી સોથેબીના ઓક્શન હાઉસમાંથી ઓક્સફર્ડ યુનિવર્સિટીના એશમોલીયન મ્યુઝિયમ દ્વારા હસ્તગત કરવામાં આવ્યું હતું. મ્યુઝિયમનું કહેવું છે કે ગયા વર્ષે નવેમ્બરમાં એક સ્વતંત્ર સંશોધકે તેને પ્રાચીન પ્રતિમાની ઉત્પત્તિ વિશે જાણકારી આપી હતી, ત્યારબાદ તેણે ભારતીય હાઈ કમિશનને એલર્ટ કર્યું હતું.તમિલનાડુના મંદિરમાંથી ચોરાયેલી કાંસ્ય મૂર્તિ માટે ભારત સરકારે બ્રિટિશ મ્યુઝિયમને ઔપચારિક વિનંતી મોકલી હતી, જે હરાજી દ્વારા બ્રિટિશ મ્યુઝિયમમાં પહોંચી હતી.આ પહેલા પણ બ્રિટનમાંથી ચોરાયેલી ભારતીય કલાકૃતિઓ ભારત પરત લાવવામાં આવી છે. ગયા વર્ષે ઓગસ્ટમાં, જ્યારે સ્કોટલેન્ડ યાર્ડના કલા અને પ્રાચીન એકમને સંડોવતા યુએસ-યુકેની સંયુક્ત તપાસ બાદ આંધ્રપ્રદેશમાંથી કોતરેલી ચૂનાના પત્થરની રાહત પ્રતિમા અને તમિલનાડુની ૧૭મી સદીની "નવનિતા કૃષ્ણ" કાંસ્ય પ્રતિમા ભારતને પરત કરવામાં આવી હતી.

### કારનો ગંભીર અકસ્માત થયો

# દ્વારકા લાલપુર હાઈવે રોડ પર સર્જાયો ગમખ્વાર અકસ્માત

### આ અકસ્માતમાં કારચાલક શ્યામ ધારાણી અને કૈલાશ ઠાકોર નામના યુવકોના મોત થયા છે

દ્વારકા, તા.૧૨

દ્વારકા લાલપુર હાઈવે રોડ પર સર્જાયેલા અકસ્માતમાં બેના મોત થયા છે. કારનો ગંભીર અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં કારચાલક શ્યામ ધારાણી અને કૈલાશ ઠાકોર નામના યુવકોના મોત થયા છે.

કાર પલટી જતા ૨ યુવકના કમકમાટીભર્યા મોત થયા હતા ત્યારે અકસ્માતના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી. તેમજ અકસ્માતની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોચી હતી.

ઘટનાની જાણ થવાના પગલે સ્થાનિક પોલીસ દોડી આવી હતી અને તેણે અકસ્માત ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

### ૨ હજાર કરોડના કૌભાંડ મુદ્દે કરી કાર્યવાહી

# રાજ્ય સરકારે વલસાડના કલેક્ટર આયુષ ઓકને કર્યા સસ્પેન્ડ

### આયુષ ઓકે બદલીના એક દિવસ પહેલા જ કૌભાંડનો સમગ્ર ખેલ પાડી દીધો હોવાનું ખુલ્યુ છે

વલસાડ, તા.૧૨

વલસાડમાંથી વધુ એક કૌભાંડ બહાર આવ્યુ છે. વલસાડના કલેક્ટર આયુષ ઓક સસ્પેન્ડ થયા છે. ડુમસ જમીનકાંડમાં IAS અધિકારી સસ્પેન્ડ થયા છે.કરોડોના જમીન કૌભાંડમાં વલસાડના કલેક્ટર આયુષ ઓક સસ્પેન્ડ થયા છે. ૨ હજાર કરોડના કૌભાંડ મુદ્દે રાજ્ય સરકારે સસ્પેન્ડ કર્યા છે.

આયુષ ઓકે બદલીના એક દિવસ પહેલા જ કૌભાંડનો સમગ્ર ખેલ પાડી દીધો હોવાનું ખુલ્યુ છે.

જૂન ૨૦૨૧માં IAS આયુષ ઓક અમરેલીથી સુરત કલેક્ટર તરીકે આવ્યા હતા. ૩૧મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ તેમની બદલી વલસાડ જિલ્લામાં કરવામાં આવી હતી. બદલીના એક દિવસ પહેલા ડુમસની જમીનનું કૌભાંડ આચરવામાં આવ્યું.૧૯૪૮-૪૯થી ડુમસની જમીન સરકારી પડતર તરીકે મહેસૂલી રેકર્ડમાં હતી.

મહેસૂલી રેકર્ડમાં નોંધ નંબર ૫૮૨ ગણોતિયા તરીકે એક વ્યક્તિનું નામ ઉમેરવા મંજૂરી આપી. કૃષ્ણમુખલાલ ભગવાનદાસનું નામ દાખલ કરવા મંજૂરી આપી.કાયદા મુજબ સરકારી પડતરમાં ગણોતિયો હોઈ ન શકે.

વર્તમાન સમયમાં ૨.૧૭ લાખ ચો.મી જમીનની બજાર કિંમત બે હજાર કરોડ છે. વર્ષ ૨૦૧૫માં તત્કાલિન સુરત કલેક્ટર રાજેન્દ્ર કુમારે સુઓમોટો લીધો હતો. તત્કાલિન સુરત કલેક્ટર રાજેન્દ્ર કુમારે જમીન સરકારી હોવાનો રિપોર્ટ સોંપ્યો હતો.IAS રાજેન્દ્ર કુમારને વર્ષ ૨૦૧૫-૧૬માં PMOમાં ડારેક્ટર તરીકે નિયુક્ત કર્યા હતા.

# ગુજરાતમાં જામ્યું ચોમાસું ! મેઘરાજાની જોરદાર બેટિંગ

અમદાવાદ, તા.૧૨

જે કાળઝાળ ગરમીનો સામનો ગુજરાતીઓએ કર્યો તેઓ હવે વરસાદને વધાવવા તૈયાર થઈ જાય, કારણ કે રાજ્યમાં વિધિવત ચોમાસાનો પ્રારંભ થઈ ગયો છે. ત્રણથી ચાર દિવસ વહાલા ચોમાસાએ ગુજરાતમાં પ્રવેશ કર્યો છે, ચોમાસાનો પ્રારંભ થતાં જ અન્નદાતાએ હળ જોડી દીધા છે અને વાવણીની શરૂઆત કરી છે.

આ વખતે ગુજરાતમાં પડેલી કાળઝાળ ગરમીને ગુજરાતીઓ ભૂલી શકે તેમ નથી, ૪૭ ડિગ્રીમાં અમદાવાદીઓએ શેકાવું પડ્યું હતું. ઘરની બહાર નીકળવું મુશ્કેલ થઈ ગયું હતું પરંતુ ચોમાસાનો આરંભ થઈ ગયો છે, દક્ષિણમાં ચોમાસાએ દેખા પણ દઈ દીધી છે અને ચોમાસું ધીરે ધીરે ગુજરાતના અન્ય જિલ્લાઓ તરફ આગળ વધી રહ્યું છે. આ વખતે વરસાદ ધમાકેદાર રહેવાની આગાહી છે, તેનો અણસાર પણ મળી ગયો છે, કારણ કે ચોમાસું આ વખતે ૪થી ૫ દિવસ વહેલા શરૂ થયું છે.

વરસાદ આમ તો ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વરસી રહ્યો છે, પરંતુ આ વરસાદ પ્રિ-મોન્સુન એક્ટિવીટીના ભાગરૂપે હતો. જો કે હવે જે વરસાદ શરૂ થયો છે તે ચોમાસાનો વરસાદ છે, ગુજરાતના આકાશમાંથી કાચું સોનું વરસવાની શરૂઆત થઈ ગઈ છે, ખેડૂતોએ પણ ખેતરમાં હળ જોડીને વાવણી શરૂ કરી દીધી છે. ગુજરાત જ નહીં આંદામાન નિકોબાર અને કેરળમાં પણ ચોમાસાનો આરંભ વહેલો થયો છે અને તેનો જ ફાયદો ગુજરાતને થયો છે.

મેઘરાજાએ છેલ્લા ૨૪ કલાકમાં જોરદાર બેટિંગ કરી છે, સંતરામપુરમાં તો સાંબેલાધાર વરસાદ વરસ્યો છે. દોઢ ઈંચ વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવાના દ્રશ્યો સામે આવ્યા હતા તો મહીસાગરના કડાણામાં પણ પોણો ઈંચ વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ક્યાં કેટલો વરસાદ વરસ્યો તેની વાત કરીએ તો સંતરામપુરમાં ૪૦ મિલિમીટર, મોરવાહડફમાં ૨૭ મિલિમીટર, કલોલમાં ૨૨, સંજેલીમાં ૧૫, કડીમાં ૧૨, ગાંધીનગરમાં ૧૧, કપરાડામાં ૧૦, જેતપુરમાં ૮ મિલિમીટર વરસાદ વરસ્યો હતો. તો રાજુલા, ખેરગામ, ભચાઉ, અમદાવાદ, છોટાઉદેપુર અને ધાનપુરમાં ૫-૫ મિલિમીટર વરસાદ પડ્યો હતો. તો હજુ પણ હવામાન વિભાગે સારા વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે ગુજરાતમાં સારા વરસાદની સાથે ઠંડરસ્ટોર્મની પણ આગાહી કરી છે. આગામી સાત દિવસ રાજ્યના જુદા જુદા વિસ્તારમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. શરૂઆતમાં ગુજરાતમાં મધ્યમ વરસાદ રહી શકે છે, પરંતુ પાછળથી મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરશે તે નક્કી છે, આ વખતે વરસાદ સારો રહેવાનું અનુમાન છે, ત્યારે આપણે સૌ આશા રાખીએ કે, મેઘરાજા જરૂરિયાત પુરતા મનમુકીને વરસે અને તેનો સીધો ફાયદો અન્નદાતાને થાય.

# રાહુલ ગાંધીની બે યાત્રાઓને કારણે કોંગ્રેસ અને ઈન્ડિયા બ્લોક સાથીઓએ ૪૧ બેઠકો મેળવી : અહેવાલ

**ભારત જોડો યાત્રા ૭૧ લોકસભા મતવિસ્તારોમાંથી પસાર થઈ હતી જેમાં કોંગ્રેસે ૫૬ બેઠકો ઉપર ચૂંટણી લડી હતી અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૨૩ બેઠકો જીતી હતી, ભારત જોડો ન્યાયયાત્રામાં કુલ ૮૨ બેઠકો આવરી લેવામાં આવી હતી જેમાંથી કોંગ્રેસે ૪૯ ઉપર ચૂંટણી લડી હતી અને ૧૭ પર જીત મેળવી હતી**




નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી દ્વારા તેમની ભારત જોડો યાત્રા અને ભારત જોડો ન્યાયયાત્રા દરમ્યાન જે માર્ગમાંથી પસાર થયા ત્યાં કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનને ૪૧ બેઠકો મળી હતી. ઉત્તર-દક્ષિણ ભારત જોડો યાત્રા ઓક્ટોબર ૨૦૨૨થી જાન્યુઆરી ૨૦૨૩ દરમ્યાન હતી, ત્યારે ગાંધીએ કન્યાકુમારીથી કાશ્મીર સુધીની હતી, જેમાં બીજેપીની વિભાજનકારી રાજનીતિ સામે ''જોડો'' અથવા એકતાનો સંદેશો અને ''મોહબ્બત'' અથવા પ્રેમનો ઉપદેશ આપ્યો હતો. ભારત જોડો ન્યાયયાત્રા મોટાભાગે બસ દ્વારા હતી અને ૬૩ દિવસની પૂર્વ-પશ્ચિમ યાત્રા ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા જાન્યુઆરીથી માર્ચ દરમ્યાન કરવામાં આવી હતી.

ધ ઈન્ડિયન એક્સપ્રેસના વિશ્લેષણ મુજબ, ભારત જોડો યાત્રા ૭૧ લોકસભા મતવિસ્તારોમાંથી પસાર થઈ ઉપર ચૂંટણી લડી હતી અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૨૩ બેઠકો જીતી હતી. તેની સરખામણીમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે આમાંથી ૬૫ બેઠકો ઉપર ચૂંટણી લડી હતી અને ૧૫ પર જીત મેળવી હતી. બીજી તરફ કોંગ્રેસના ઈન્ડિયા બ્લોક સાથીઓએ આમાંથી ૧૪ બેઠકો ઉપર ચૂંટણી લડી હતી અને આ ચૂંટણીમાં ૬ બેઠકો જીત્યા હતા, જ્યારે ૨૦૧૯ માં તેઓ ચાર બેઠકો ઉપર લડ્યા હતા અને બે જીત્યા હતા. ભારત જોડો ન્યાયયાત્રામાં કુલ ૮૨ લોકસભા મતવિસ્તારો આવરી લેવામાં આવ્યા હતા, જેમાંથી કોંગ્રેસે ૪૯ ૧૭ઉપર જીત મેળવી હતી. તેની સરખામણીમાં, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં, તેણે ૭૧ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૬ જીતી હતી. તેના ઈન્ડિયા જૂથના સાથીઓએ ૩૩ બેઠકો ઉપર ચૂંટણી લડી હતી. અને આમાંથી ૧૮ મતવિસ્તારો જીત્યા છે. ૨૦૧૯માં આ સાથીઓએ ૧૦ઉપર ચૂંટણી લડી હતી પરંતુ એકપણ જીત મેળવી ન હતી. કોંગ્રેસ અને તેના સહયોગીઓએ યાત્રા દ્વારા મહારાષ્ટ્રમાં વધુ ફાયદો મેળવ્યો હતો. પ્રથમમાં આવરી લેવામાં આવેલી છ બેઠકોમાંથી, ૨૦૨૪માં જૂથે ચાર બેઠકો જીતી હતી, અને બીજી યાત્રામાં આવરી લેવામાં આવેલી આઠ બેઠકોમાંથી, ગઠબંધનને પાંચ બેઠકો મળી હતી. હરિયાણામાં પ્રથમ યાત્રામાં પાંચ બેઠકો આવરી લેવામાં આવી હતી, જેમાંથી તેણે ૨૦૨૪માં એક બેઠક જીતી હતી. જમ્મુ અને કાશ્મીરમાં ભારત જોડો યાત્રાએ ચાર બેઠકો આવરી લીધી હતી. ૨૦૨૪ની ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકે બે બેઠકો જીતી હતી. કર્ણાટકમાં, ભારત જોડો યાત્રાએ સાત બેઠકો આવરી લીધી હતી, જેમાંથી કોંગ્રેસે ૨૦૨૪માં ત્રણ બેઠકો જીતી હતી. કેરળમાં, ભારત જોડો યાત્રાએ ૧૧ મતવિસ્તારો માંથી પસાર થઈ જ્યાં કોંગ્રેસે ૭ અને તેના સાથી પક્ષોએ બે બેઠકો જીતી છે. પંજાબમાં, ભારત જોડો યાત્રા છ મતક્ષેત્રોમાંથી પસાર થઈ અને પાંચમાં તેણે જીત મેળવી જ્યારે AAPએ એકમાં જીત મેળવી. જોકે કોંગ્રેસ અને AAP ભારત ગઠબંધનનો ભાગ હતા અને દિલ્હીમાં સાથે ચૂંટણી લડ્યા હતા, અને બંને પંજાબમાં અલગથી લડ્યા હતા. રાજસ્થાનમાં, ભારત જોડો યાત્રાએ પાંચ મતક્ષેત્રોમાં ગઈ અને ૨૦૨૪માં ત્રણમાં જીત મેળવી. ભારત જોડો ન્યાયયાત્રામાં બે મતવિસ્તારો આવરી લેવામાં આવ્યા અને કોંગ્રેસે એકમાં જીત મેળવી, જ્યારે તેના સાથી પક્ષે અન્ય એકમાં જીત મેળવી. તમિલનાડુમાં, ભારત જોડો યાત્રાની બે બેઠકોમાંથી એક કોંગ્રેસે જીતી હતી અને બીજી તેના સાથી ડીએમકેએ જીતી હતી. ઉત્તર પ્રદેશમાં, ભારત જોડો યાત્રાએ ત્રણ બેઠકો આવરી લીધી હતી જેમાંથી એક ૨૦૨૪માં ઈન્ડિયા બ્લોક (સમાજવાદી પાર્ટી) દ્વારા જીતવામાં આવી હતી. ભારત જોડો ન્યાયયાત્રાએ ૨૦ મતવિસ્તારોને આવરી લીધા હતા, જેમાંથી કોંગ્રેસે ૩ અને SPએ પાંચ બેઠકો જીતી હતી.

બિહારમાં ભારત જોડો ન્યાયયાત્રાએ સાત મતવિસ્તારોને આવરી લીધા હતા, જેમાંથી કોંગ્રેસે ત્રણ બેઠકો જીતી હતી અને તેના સાથી પક્ષોએ બે બેઠકો જીતી હતી. પશ્ચિમ બંગાળમાં, ભારત જોડો ન્યાયયાત્રામાં નવ બેઠકો આવરી લેવામાં આવી હતી જેમાંથી ટીએમસીએ પાંચ અને કોંગ્રેસે એક બેઠક જીતી હતી, જોકે અહીં રાજ્ય-સ્તરનું બ્લોક જોડાણ ન હતું. આસામમાં ભારત જોડો ન્યાયયાત્રાએ છ બેઠકો પૈકી કોંગ્રેસે ત્રણ બેઠકો જીતી. ઉત્તર પૂર્વમાં, ભારત જોડો ન્યાયયાત્રાએ મેઘાલય, અરૂણાચલ પ્રદેશ,૨ મણિપુર અને નાગાલેન્ડમાં પાંચ મતક્ષેત્રો પાર કર્યા અને ત્રણમાં જીત મેળવી. આ જ યાત્રામાં ઝારખંડની સાત બેઠકો પણ આવરી લેવામાં આવી હતી જેમાંથી કોંગ્રેસે એક બેઠક જીતી હતી અને તેના સાથી પક્ષોએ એક બેઠક જીતી હતી.

આ રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આંધ્ર પ્રદેશમાં ભારત જોડો યાત્રા પસાર થઈ હતી, ત્યાં કોંગ્રેસે કોઈ બેઠકો જીતી ન હતી. તેવી જ રીતે દિલ્હીમાં પણ કોંગ્રેસ અને તેના સાથી પક્ષો (આમઆદમી પાર્ટી) ૨૦૧૯ની જેમ ૨૦૨૪માં એકપણ સીટ જીતી શક્યા નથી. હિમાચલ પ્રદેશમાં અને ગુજરાતમાં ભારત જોડો ન્યાયયાત્રાએ પાંચ મતવિસ્તારોને આવરી લીધા હતા પરંતુ ચૂંટણીમાં તેની કોઈ અસર થઈ ન હતી. ઓડિશામાં ભારત જોડો ન્યાયયાત્રાએ બે બેઠકો આવરી લીધી હતી પરંતુ કોંગ્રેસ માટે ચૂંટણીમાં તેની કોઈ અસર થઈ ન હતી. છત્તીસગઢમાં ચાર સીટો પૈકી કોંગ્રેસે ૨૦૧૯ની જેમ એક સીટ જીતી હતી.

### હરણી તળાવ બોટ દુર્ઘટનાનો મામલો

## દસ આરોપીઓને જામીન મળી જતા સરકારે હાઈકોર્ટમાં કરી અપીલ

અમદાવાદ, તા.૧૨

વડોદરા ખાતે બનેલી હરણી તળાવ બોટ દુર્ઘટનામાં ૧૪ લોકોના મોત નીપજ્યા હતા. જેમાં ૧૮ જેટલા આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. પાછળથી કુલ ૨૦ જેટલા આરોપી થયા હતા. તેમાં ચાર મહિલા આરોપીએ આગાઉ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરતા તેમને જામીન મળ્યા હતા. જ્યારે ૧૦ પુરૂષ આરોપીઓને વડોદરાની કોર્ટે જામીન આપતા કુલ ૧૪ જેટલા આરોપીઓને જામીન મળ્યા છે. ત્યારે રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં જામીન મળેલા તમામ ૧૦ પુરૂષોના જામીન પડકાર્યા છે. આ આરોપીઓમાં ગોપાલદાસ પ્રાણલાલ શાહ, બિનિત હિતેશભાઈ કોટિયા, અલ્પેશભાઈ હસમુખભાઈ ભટ્ટ, દિપેન હિતેન્દ્ર શાહ, ધર્મિલ ગીરીશભાઈ શાહ, ધર્મિન ધીરજભાઈ બાથાણી, વેદપ્રકાશ રામપત યાદવ, રશ્મિકાંત ચિમનભાઈ પ્રજાપતિ, ભીમસિંહ કુડિયારામ યાદવ અને જતીનકુમાર હીરાલાલ દોશીનો સમાવેશ થાય છે. ઉપરોક્ત આરોપીઓ સામે હાઈકોર્ટમાં જસ્ટિસ ગીતા ગોપીની કોર્ટ સમક્ષ સરકારે જામીન રદ કરવા કરેલી અરજીની કાર્યવાહી હતી. જેમાં કોર્ટે આરોપીઓને નોટિસ પાઠવી છે. આ મુદ્દે વધુ સુનવણી ૨૪ જૂનના રોજ હાથ ધરાશે ઉલ્લેખનીય છે કે મહિલા આરોપીઓ તેજલબેન આશિષભાઈ દોશી, નેહાબેન દિપેનભાઈ દોશી, વૈશાખી શાહ, નૂતનબેન પરેશ રમણને અગાઉ જામીન મળી ચૂકયાં છે. હાઈકોર્ટે અગાઉ હરિણી તળાવ બોટ દુર્ઘટનામાં લવાયેલી સુઓ મોટો પીટીશનમાં તે વખતના મ્યુનિસીપલ કમિશ્નર સામે ખાતાકીય તપાસના આદેશ પણ આપ્યા છે. હાઈકોર્ટે આ બાબતે ખૂબ ગંભીર શબ્દોમાં વડોદરા મહાનગરપાલિકાની ટીકા કરી હતી અને એકદમ નીચા ભાવે કોટીયા પ્રોજેક્ટ નામની કંપનીને કોન્ટ્રાક્ટ આપી દેવાના પગલાં સામે તપાસ સોંપી હતી.

## સ્કૂલો દ્વારા પુસ્તકો અને ડ્રેસ સહિતની ખરીદી માટે દબાણ મુદ્દે આક્રમક રજૂઆત

અમદાવાદ, તા.૧૨

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત શાળા દ્વારા પુસ્તકો, સ્કૂલ ડ્રેસ કે અન્ય સામગ્રીનું વેચાણ કરી શકાય નહીં, તેમ છતાં અમદાવાદ શહેરની કેટલીક સ્કૂલો દ્વારા આ રીતનું વેચાણ કરવામાં આવતું હોવાના આક્ષેપ સાથે NSUI દ્વારા DEO કચેરી ખાતે દેખાવો યોજી આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સ્કૂલો દ્વારા પુસ્તકોનું વેચાણ કરવામાં આવતું હોવા ઉપરાંત ચોક્કસ જગ્યાએથી સ્કૂલ ડ્રેસ ખરીદવા તેમજ સ્કૂલ વાહનોનો ઉપયોગ કરવા માટે દબાણ કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભારત સરકાર દ્વારા દેશના ગરીબ બાળકો પણ સારૂ શિક્ષણ મેળવી શકે તે માટે મફત અને ફરજીયાત શિક્ષણ માટે RTE એક્ટ બનાવવામાં આવ્યું હતું. જેના નિયમો અંતર્ગત શાળાની અનિયમિતતાઓ સામે આવતા શાળાને દંડ કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં સ્કૂલો દ્વારા બાળકોના પ્રવેશ માટે ઈન્ટરવ્યુ લઈ શકાય નહી. ઉપરાંત ડોનેશન લેવા ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવેલો છે. આ મુદ્દે NSUI અમદાવાદના પુર્વ પ્રમુખ આસીફ પવારે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે જઈને રજૂઆત કરી હતી. જેમાં સંત કબીર, સેન્ટ ઝેવિયર્સ, સોમ લલીત, માઉન્ટ કાર્મેલ, લીટલ સ્ટાર જેવી કેટલીક સ્કૂલો દ્વારા સરકારના નિયમોનું પાલન કર્યા વગર સ્કૂલમાંથી જ પુસ્તકોની ખરીદી કરવા માટે દબાણ કરતા હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત શાળાએ નક્કી કરેલા વાહનોથી જ બાળકોને શાળામાં આવવા જવાની વ્યવસ્થા કરવી, શાળા દ્વારા નક્કી કરવામાં આવેલી ચોક્કસ જગ્યાએથી જ સ્કૂલ યુનિફોર્મની ખરીદી કરવા માટે પણ દબાણ કરવામાં આવતું હોવાની રજૂઆત કરી છે. સરકારે જાહેર કરેલા જાહેરનામા હેઠળ આવી તમામ શાળાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી NSUI દ્વારા માંગણી કરવામાં આવી છે. જો આવનારા સમયમાં આ બાબતે યોગ્ય પગલા લેવામાં નહી આવે તો જનઆંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

## રવિ પાકોના ટેકાના ભાવ હવે આ વખતે ૮ થી ૮.૫ ટકા જેટલા વધી શકે છે

ગાંધીનગર, તા.૧૨

રાજ્યમાં હવે ચોમાસાની શરૂઆત થવાની છે. એટલે કે ખેડૂતો માટે રવિ પાકની સીઝન શરૂ થવાની છે. ખેડૂતોની કમાણી માટે રવિ પાક ખુબ મહત્વનો હોય છે. રવિ પાકની ખરીદી ટેકાના ભાવે થઈ શકે તે માટે ગાંધીનગરમાં રાજ્ય કૃષિ ભાવપંચની બેઠકમાં મળી હતી. જેમાં રવિ પાકોની ખરીદી માટે ટેકાના ભાવની ભલામણ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ અંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, દેશના ખેડૂતોને સ્વનિર્ભર અને સમૃદ્ધ બનાવવા નવતર પહેલો કરાઈ છે. ટેકાના ભાવની પોલિસી અંતર્ગત સમાવિષ્ટ રવિ પાકો પૈકી ગુજરાતના ઘઉં, ચણા, રાયડા અને શેરડી પાકના ભારત સરકાર દ્વારા આગામી વર્ષ માટે ટેકાના ભાવની દરખાસ્ત મંગાવવામાં આવી છે. ગુજરાતના ખેડૂતોને સર્વોત્તમ ભાવ મળી રહે તે માટે વર્ષ ૨૦૨૪-૨૫ના ટેકાના ભાવ નક્કી કરવા ઘઉં માટે રૂા. ૪૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, ચણા માટે રૂા. ૭૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, રાયડા માટે રૂા. ૭૨૦૦ પ્રતિ ક્વિન્ટલ અને શેરડી માટે રૂા. ૬૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવની ભારત સરકારને ભલામણ કરવામાં આવશે, તેમ મંત્રી પટેલે જણાવ્યું હતું. નિષ્ણાંતો દ્વારા નક્કી કરાયેલા ભાવોને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઘઉં, ચણા, રાયડો અને શેરડી પાકના રાજ્ય કૃષિ ભાવ પંચ દ્વારા ભાલામણ કરવાના થતા ભાવ ભારત સરકારના કૃષિ ખર્ચ અને ભાવ પંચને મોકલી આપવામાં આવશે.

## વિવિધ ક્ષેત્રના કન્સલ્ટન્ટ બનીને બનાવો ઉત્તમ કેરિયર, સાચી સલાહ આપીને કરી શકાય છે સૌનો વિકાસ

**જેટલા બિઝનેસ થાય તેમાં સલાહકાર બની શકાય છે. ધારો કે તમે વકીલ છો તો તમે ટેક્સ, ક્રિમિનલ લો, સિવિલ લો, કોર્પોરેટ લો, કો-ઓપરેટીવી સોસાયટી લોના સલાહકાર તેમજ પ્રેક્ટીસ બન્ને કરી શકો છો. તેવી જ રીતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આર્કિટેક્ટ, ઓટોમોબાઈલ ડિઝાઈનીંગ, સ્ટ્રક્ચરલ એન્જિનિયર, એજ્યુકેશન, વિઝા, ઈન્ટીરીયર ડિઝાઈન, એક્સપોર્ટ, ઈમ્પોર્ટ, રેવન્યુ જેવા અનેક ક્ષેત્રોમાં કામ કરી શકો છો અને તમારી કરિયર બનાવી શકો છો. પરંતુ તેના માટે અનુભવ હોવો ખૂબ જ જરૂરી હોય છે. ઘણી બધી કંપનીઓ નિવૃત્ત કર્મચારીઓ કે અધિકારીઓને કાયમી કન્સલ્ટન્ટ તરીકે એપોઈન્ટ કરતી હોય છે અને તેઓને વાર્ષિક કે માસિક ભથ્થુ મળતું હોય છે. તો આ રીતે તમે કરિયર અપનાવીને, લોકોને સાચા માર્ગે દોરીને તમારી કરિયર બનાવીને તમને પોતાને અને લોકોને મદદ કરી શકો**



મિત્રો આજે તમને એક અલગ જ પ્રકારના કેરિયરની વાત કરવી છે કે જે કેરિયર છે તો વર્ષો જૂનું પરંતુ તેનું મહત્વ આજકાલ ખૂબ જ વધી ગયું છે. દરેક ક્ષેત્રમાં કન્સલ્ટન્ટની ભૂમિકા મહત્વની બની રહી છે. કારણ કે જે તે બિઝનેસ કે સેવાઓને પોતાના વિકાસ માટે સાચી સલાહ અને માર્ગદર્શન જોઈતું હોય છે ત્યારે પ્રોફેશનલ કન્સલ્ટન્ટ એટલે કે વ્યવસાયિક સલાહકારોની ભૂમિકા ખૂબ જ મહત્વની પુરવાર થાય છે. તેઓની સલાહ અને માર્ગદર્શન હેઠળ બિઝનેસ કે સેવાઓને સાચી દિશા તરફ દોરી જઈને આખરી ધ્યેય હોય છે તે પરિપૂર્ણ કરી શકાય છે. જ્યારે દેશમાં સર્વિસ, મેન્યુફેક્ચરીંગ, ટ્રેડીંગ અને આયાત નિકાસ ક્ષેત્રમાં અત્યારે નિષ્ણાત સલાહકારોની ખૂબ જ ડિમાન્ડ છે અને તેમની સેવાઓ લઈને કંપનીઓ પોતાનો વિકાસ કરતી હોય છે. તો ચાલો આજે આપણે કરીએ સલાહકારોની દુનિયામાં ડોકિયું.

**● કન્સલ્ટન્ટ એટલે શું ?**

જુઓ મિત્રો ખૂબ જ સરળ ભાષામાં સમજાવું તો કન્સલ્ટન્ટ એટલે કે કોઈપણ વિષયના નિષ્ણાત અને તેઓને તેનું ઊંડું જ્ઞાન હોય છે. આ જ્ઞાન થીયરીકલ અને પ્રેક્ટીકલ બન્ને રીતનું હોય છે. એટલે કે કાયદા કાનૂન અને ગ્રાઉન્ડ રિયાલીટીમાં કેવી રીતે કામ થાય છે તેનું તેઓને નોલેજ હોય છે. આથી કન્સલ્ટન્ટ પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ પોતાના ક્લાયન્ટને આપે છે અને તેની ફીની વસૂલાત કરે છે. દાખલા તરીકે કોઈ બિલ્ડર છે તેને કોઈ પ્રોજેક્ટ કરવો છે તો તે પ્રોજેક્ટ તૈયાર કરવો શક્ય છે કે નહી, તેમાં કેટલી સરળતા રહેશે કે કેટલી મુશ્કેલી આવશે, મુશ્કેલી આવશે તો કઈ રીતે ઉકેલ લાવી શકાય અને કઈ રીતે આકાર પામશે, સરકારી નીતિ નિયમો શું છે, તેનું પાલન કેવી રીતે કરવાનું રહે, કરારો કરવાના કે નહી કરવા તે તમામ બાબતોની સરળ રીતે ક્લાયન્ટને માહિતી આપતા હોય છે. આથી કન્સલ્ટન્ટ દ્વારા અટકી પડેલા કામોને પાર પાડવામાં આવે છે અથવા તો કામની શરૂઆત કરતા પહેલા જ તેમની સેવાઓ લેવામાં આવે છે અને કામ અથવા તો પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધી તેઓની સેવા રહે છે. અમુક સલાહકારો પ્રોજેક્ટ બેઝ હોય છે એટલે કે પ્રોજેક્ટ પુરતુ જ કામ કરે છે. જ્યારે અમુક કાયમી સલાહકાર હોય છે અને ક્લાયન્ટને જ્યારે પણ જરૂર પડે ત્યારે તેઓ પોતાનું માર્ગદર્શન આપતા હોય છે. તેઓની ફી પ્રોજેક્ટના આધારિત અથવા તો કાયમી મહેનતાણું બે રીતે હોય છે. આથી આપને અંદાજ આવી ગયો હશે કે સલાહકાર કોને કહેવાય.

**● કન્સલ્ટન્ટ બનવા માટે શું કરાય ?**

કન્સલ્ટન્ટ બે રીતે બની શકાય છે એક તો તેના માટે જે-તે વિષયનું શિક્ષણ લઈને તેના ઉપર ઊંડું જ્ઞાન મેળવવું પડે છે. ધારો કે વકીલ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે ડિગ્રી મેળવીને સલાહો આપવાનું કામ કરતા હોય છે. જ્યારે અમુક કન્સલ્ટન્ટ એવા હોય છે કે જેમની પાસે ડિગ્રી હોતી નથી પરંતુ વર્ષોનો અનુભવ હોય છે અને તેના જ્ઞાનના આધારે કન્સલ્ટન્સી ફર્મ ચલાવતા હોય છે. પરંતુ બન્ને બાબતોમાં શરત એટલી છે કે, તમારે વિષયનું ઊંડું જ્ઞાન અને અનુભવ હોવો અત્યંત જરૂરી હોય છે. તમારા ક્લાયન્ટ તમારી પાસે કોઈ આશા લઈને આવે છે અને તે પરિપૂર્ણ થાય અને તેને પૂર્ણ સંતોષ મળે તે જરૂરી છે. આથી જે પણ સલાહકાર હોય તેને પોતાના વિષયનું પુરૂ જ્ઞાન હોવું જરૂરી છે. માત્રર પુસ્તકીયુ જ્ઞાન નહી પરંતુ પ્રેક્ટીકલ એટલે કે ગ્રાઉન્ડ રિયાલીટીમાં કામ કેવી રીતે થતું હોય છે, માર્કેટમાં ટ્રેન્ડ શું ચાલે છે, લેટેસ્ટ નિયમો શું છે તેની જાણકારી હોવી જરૂરી છે. હવે ધારો કે તમે કોઈ ડિગ્રી મેળવો છો તો ડિગ્રી મેળવ્યા પછી પણ તે કામ કરવાનો અનુભવ હોવો પણ જરૂરી છે. માત્ર ડિગ્રી મેળવવાથી તમામ કામ આવડી જાય તેવું હોતું નથી. દાખલા તરીકે કોઈએ વકીલાતની ડિગ્રી મેળવી અને પ્રેક્ટીસ કરવા માટે સનદ મેળવી હોય તો તે પછી તેને કોઈ લો ફર્મ અથવા અનુભવી વકીલના ત્યાઈન્ટર્ન કે ટ્રેઈની તરીકે કામ કરવાનું રહે છે. ત્યારબાદ પૂરતો અનુભવ મેળવીને તેઓ કન્સલ્ટન્ટનું કામ કરતા હોય છે. આ તમામ બાબતો ડોક્ટર, એન્જિનિયર, આર્કીટેક્ટ, ડિઝાઈનર, વકીલ, એકાઉન્ટન્ટ, ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર, વીઝા કન્સલ્ટન્ટ, એજ્યુકેશન સલાહકાર સહિતના ક્ષેત્રમાં લાગુ પડે છે. એટલે જે કન્સલ્ટન્સીનું કામ કરતો હોય તે અનુભવી હોય છે તે બાબત માની લેવામાં આવે છે.

**● શું કોઇ નોકરિયાત કન્સલ્ટન્ટ બની શકે ?**

ચોક્કસ કોઈ નોકરિયાત હોય તો તે પણ કન્સલ્ટન્ટ બની શકે છે. તેની પાસે ધારો કે ડિગ્રી ના હોય પરંતુ તેને જે નોકરી દરમ્યાન અનુભવ મળ્યો હોય અને કામ કરી આપવાની મહારત હાંસલ થઈ ગઈ હોય, પોતાનામાં આત્મવિશ્વાસ આવી ગયો હોય, બજારમાં સંપર્કો હોય તો તેઓ આ કામ કરી શકે છે. અમુક જ વ્યવસાય એવા હોય છે કે, જેમાં ક્વોલિફાઈડ ડિગ્રીની જરૂરિયાત હોય છે. તો આવા કિસ્સાઓમાં કન્સલ્ટન્ટ સ્વતંત્ર રીતે કામ કરતો હોય તો પછી ક્વોલિફાઈડ ડિગ્રી હોલ્ડર સાથે સંયુક્ત રીતે કામ કરતા હોય છે. ધારો કે ઈરફાન એક ઈન્ટરનેશનલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કંપનીમાં વિઝા કઢાવવાની ડેસ્ક ઉપર કામ કરે છે. તેને વર્ષોથી એક ધારૂ કામ કરતો હોય છે. તો પછી તેને પૂરતો અનુભવ મળી ગયો હોય છે. તો પછી પોતસ્વતંત્ર વિઝા કન્સલ્ટન્ટ તરીકેનો બિઝનેસ કરી શકે છે. ઘણી વખત તમે જે ક્ષેત્રમાં કામ કરતા હોવ તે બાબતના એજ્યુકેશન ડિપ્લોમા કે પ્રમાણપત્રના કોર્ષ ચાલતા હોય છે. તેમાં પ્રવેશ મેળવીને તેની ડિગ્રી લઈ લેવામાં આવે તો તમારી વેલ્યુ અને નોલેજ વધે છે. અમુક સરકારી કે મોટી ખાનગી કંપનીના કામો લેવામાં આવી ડિગ્રી કે પ્રમાણપત્રો કામે લાગે છે. ઘણા બધા યુવાનો પોત પોતાના ક્ષેત્રમાં લાંબો અનુભવ મેળવીને પોતાનામાં આત્મવિશ્વાસ આવે તે પછી કન્સલ્ટન્સીને પોતાનો બિઝનેસ સ્થાપીને સારી એવી કરિયર બનાવતા હોય છે. તો તમે પણ આ રીતે વિચારી શકો છો. ઘણા બધા સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ નિવૃત્તી બાદ જે ખાતામાં કામ કર્યું હોય તે ખાતાની કામગીરી કે કાયદા કાનૂન બાબતે સલાહકારની ભૂમિકા ભજવતા હોય છે.

**● કયા કયા ક્ષેત્રમાં કન્સલ્ટન્ટ બની શકાય...**

આમ તો જેટલા બિઝનેસ થાય તેમાં સલાહકાર બની શકાય છે. ધારો કે તમે વકીલ છો તો તમે ટેક્સ, ક્રિમિનલ લો, સિવિલ લો, કોર્પોરેટ લો, કો-ઓપરેટીવ સોસાયટી લોના સલાહકાર તેમજ પ્રેક્ટીસ બન્ને કરી શકો છો. તેવી જ રીતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આર્કીટેક્ટ, ઓટોમોબાઈલ ડિઝાઈનીંગ, સ્ટ્રક્ચરલ એન્જિનિયર, એજ્યુકેશન, વિઝા, ઈન્ટીરીયર ડિઝાઈન, એક્સપોર્ટ, ઈમ્પોર્ટ, રેવન્યુ જેવા અનેક ક્ષેત્રોમાં કામ કરી શકો છો અને તમારી કેરિયર બનાવી શકો છો. પરંતુ તેના માટે અનુભવ હોવો ખૂબ જ જરૂરી હોય છે. ઘણી બધી કંપનીઓ નિવૃત્ત કર્મચારીઓ કે અધિકારીઓને કાયમી કન્સલ્ટન્ટ તરીકે એપોઈનટ કરતી હોય છે અને તેઓને વાર્ષિક કે માસિક ભથ્થુ મળતું હોય છે. તો આ રીતે તમે કેરિયર અપનાવીને, લોકોને સાચા માર્ગે દોરીને તમારી કરિયર બનાવીને તમને પોતાને અને લોકોને મદદ કરી શકો છો.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા મોલ, હાઈરાઝ બિલ્ડીંગો સહિતના સ્થળોએ ફાયર એન.ઓ.સી.ની ચકાસણી કરાઈ

**શહેરમાં ૧૯ હોટેલ -રેસ્ટોરન્ટમાં ફાયર એન.ઓ.સી. ચાલુ ન હોય ધોરણસરની નોટિસ ઈસ્યુ કરાઈ**

**શહેરની મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, હોસ્પીટલો, શાળા, કોલેજ, ટયુશન કલાસીસ, સિનેમા ગૃહ, શોપીંગ કોમ્પલેક્ષ તથા ધાર્મિક સ્થળોમાં બાંધકામ પરવાનગી, બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર અંગે પણ તપાસ કરાઈ**

જૂનાગઢ તા. ૧૨

રાજકોટ શહેરમાં ગત તા.૨૫/૫/૨૦૨૪ના રોજ ટી.આર.પી. ગેમઝોનમાં આગ લાગતા જે દુર્ઘટના સર્જાય હતી તેના અનુસંધાને ફરી આ પ્રકારની કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે જૂનાગઢ મનપાના કમિશનર ડો.ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ મોલ, હાઈરાઈઝ બિલ્ડીંગ, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, હોસ્પીટલો, શાળા, કોલેજ, ટયુશન કલાસીસ, સિનેમા ગૃહ, શોપીંગ કોમ્પલેક્ષ તથા અન્ય બહુમાળી બિલ્ડીંગો, ધાર્મિક સ્થળો અને જે જગ્યાએ વધુ લોકોની અવર- જવર થતી હોય તેવા તમામ સ્થળો ઉપર બાંધકામ પરવાનગી, બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર, ફાયર એન.ઓ.સી. તેમજ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતા અલગ અલગ પરવાના તથા બિલ્ડીંગ સ્ટ્રકચર (કાયમી તથા હંગામી) વગેરે બાબતોની તપાસ કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરમાં ગઈકાલે તા.૧૧/૬/૨૦૨૪ના રોજ ૧૯ હોટેલ- રેસ્ટોરન્ટમાં ફાયર સેફટી અંગે તપાસ કરવામાં આવી હતી. જે પૈકી તમામ ૧૯ હોટેલ રેસ્ટોરન્ટ જેમાં (૧) હોટલ પારસ (૨) આશિષ ગેસ્ટ હાઉસ (૩)ભાગ્ય પેલેસ હોટલ (૪) હોટલ મધુવંતી (૫) હોટેલ પ્લેટિનમ (૬) રીલીફ ગેસ્ટ હાઉસ (૭) સાધના રેસ્ટોરન્ટ (૮) હોટલ રોયલ ઈન (૯)હોટલ ગિરનાર (૧૦)પટેલ રેસ્ટોરન્ટ (૧૧) આશીર્વાદ હોટલ (૧૨) પરમાનંદ લાહોરિયલ (૧૩) મેગ્નમ હોટલ (૧૪) પટેલ ડાઈનિંગ હોલ (૧૫) ઉત્સવ રેસ્ટોરન્ટ (૧૬) હોટલ ઈન્દ્રલોક (૧૭)હોટલ લોટસ (૧૮)જનતા લોજ (૧૯) ધ ગ્રાન્ડ પટગમાં ફાયર એન. ઓ. સી. ચાલુ ના હોય તેથી ઉપરોક્ત તમામ હોટેલ રેસ્ટોરન્ટને કાર્યરત ફાયર એન.ઓ.સી. રજૂ કરવા ધારાધોરણની નોટિસ આપવામાં આવી હતી.

# જૂનાગઢમાં ૧થી ૧૫ વોર્ડમાં આવેલ સોસાયટી તેમજ રેસી. વેલ્ફર એસો. વિસ્તારમાં વેસ્ટ સોર્ટીંગ ડ્રાઈવ યોજાઈ





જૂનાગઢ તા. ૧૨

ગઈકાલે જૂનાગઢ મહાનગર પાલિકાના કમિશનર ઓમ પ્રકાશ અને નાયબ કમિશનર શ્રી ઝાપડાના માર્ગદર્શન અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશભાઈ ટોલિયાની સૂચના અનુસાર જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તા.૧/૦૬/૨૦૨૪ થી તા.૧૫/૬/૨૦૨૪ સુધી 'નિર્મળ ગુજરાત ૨.૦' અંતર્ગત જૂનાગઢ શહેરમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવેલ હોય તે મુજબ તા.૧૧/૬/૨૦૨૪ ના રોજ શહેરના ૧થી ૧૫ વોર્ડમાં આવેલ રેસી. વેલ્ફેર. એસો. તેમજ સોસાયટી વિસ્તારમાં વેસ્ટ સોર્ટીંગ ડ્રાઈવ કરી કચરાના વર્ગીકરણ અંગે સુકો તેમજ ભીનો કચરો અલગ અલગ આપવા શહેરીજનોને માહિતગાર કરેલ હતા. આ અભિયાનમાં સેનેટરી ઈન્સ્પેકટર, સુપર વાઈઝર તેમજ એસ.એચ.જી ગ્રુપના બહેનો અને સફાઈ કર્મચારીઓની મદદથી આ કામગીરી કરવામાં આવી હતી.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા વોકળામાં ગંદકી ઠાલવતા આસામીઓને દંડ કરાયો


જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા તા.૧૧/૬/૨૦૨૪ ના રોજ કમિશ્નર ડો.ઓમ પ્રકાશ તથા ડેપ્યુટી કમિશનર એ.એસ.ઝાંપડાની સૂચના અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કે.જી.ટોલિયાના માર્ગદર્શન હેઠળ ઝાંઝરડા રોડ સ્થિત ગરનાળા પાસે આવેલ પેરી પ્લાઝા કોમ્પલેક્ષના ધારકો બાજુમાં આવેલ વોકળામાં ગંદકી ઠાલવતા હોય તેવી માહિતી મળતાં મહાનગરપાલિકાના વોર્ડ એસ.આઈ દ્વારા કુલ ૪ આસામીઓ (૧) ક્રીમીનેસ આઈસક્રીમ (૨) ક્રીમ ઓડન એન્ટરપ્રાઈઝ (૩) સંજીવની મેડીકલ સ્ટોર (૪) ગોકુલ મેડીકલ સ્ટોરને રૂા.૫૦૦૦ લેખે કુલ રૂા.૨૦,૦૦૦/- વીસ હજારનો દંડ સ્થળ ઉપર ફટકારવામાં આવેલ છે. આ કાર્યવાહીથી ગંદકી ફેલાવનારાઓમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

# ગીર કેસર કેરીની સિઝનનું તાલાળા મેંગો માર્કેટ યાર્ડમાં સમાપન થયું

**આ વર્ષે સિઝનમાં કુલ રૂા.૪૧.૯૦ કરોડનો કારોબાર થયો, સરેરાશ બોકસનો ભાવ રૂા.૭૦૦ રહયો**





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૨

વિશ્વ પ્રસિધ્ધ -સ્વાદ રસીકો સિઝન પહેલા જેના આવવાની કાગડોળે રાહ જોઈ રહયા હોય અને વિદાય થાય ત્યારે માયુસી અનુભવતા હોય તેવી ફળોના રાજા તરીકે ઓળખાતી કેસર કેરીના ગઢ એવા તાલાળા મેંગો માર્કેટ યાર્ડ ગત સોમવાર સાંજથી કેરી પુરતું બંધ થઈ સમાપન થયું છે. તા.૧-૫-૨૪થી તા.૧૧-૬-૨૪ સુધી ચાલેલ આ સમગ્ર સિઝનમાં કુલ ૧૦ કિલોના ૫,૯૬,૭૦૦ કેરીના બોકસનું વેંચાણ તાલાળા યાર્ડમાંથી થયેલ હતું અને સિઝન ૪૨ દિવસ સુધી ચાલી હતી અને સરેરાશ ભાવ રૂા.૭૦૦/- બોકસ દીઠ રહયો હતો. કુલ રૂા.૪૧ કરડ, ૯૦ લાખ અને ૬૦ હજારનો કારોબાર થયો હતો તથા ખેડુતોને પોષણક્ષમ ભાવો પણ મળ્યા છે. એજન્ટો તથા કેરીની સિઝન સાથે સંકળાયેલા મજુરો, પ્લાસ્ટીકની દોરી, વેપારીઓ સૌને ઉંચા ભાવ મળ્યા હતા. જો કે આ વર્ષે આગલા વર્ષની સરખામણીએ કેરી ઓછી આવી હતી પરંતુ ગુણવત્તા અને મોટું દળદાર ફળ આવ્યું અને વિદેશમાં નિકાસના ઢાંચાને અનુરૂપ ફળ આવ્યા હતા અને માપદંડ અનુસાર નિકાસ પણ કરવામાં આવી હતી.

અત્રે નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૨માં ૫૧ દિવસ કેરીની સિઝન ચાલી હતી અને ૫૦૫૩૨૧ બોકસનું વેંચાય થયેલ હતું. જયારે વર્ષ ૨૦૨૩ માં ૬૩ દિવસ સિઝન ચાલી હતી અને ૧૧,૧૩,૫૪૦ બોકસનું વેંચાણ થયેલ હતું. તાલાળા માર્કેટ યાર્ડનું સંચાલન સંતોષકારક રીતે યાર્ડના ચેરમેન સંજયભાઈ શીંગાળા, રમેશભાઈ દાંડ અને ગોરધનભાઈએ સુપેરે પાર પાડયું હતું.

# વેરાવળ : કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને રોડ સેફ્ટી કાઉન્સિલ અને કાયદો અને વ્યવસ્થાની મિટિંગ યોજાઈ

**જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થાય તે માટે કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શિત કર્યા**




ગીર સોમનાથ, તા.૧૨

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી કોન્ફરન્સ રૂમ, ઈણાજ ખાતે રોડ સેફ્ટી કાઉન્સિલ અને કાયદો અને વ્યવસ્થાની મિટિંગ યોજાઈ હતી.

આ મિટિંગમાં રોડ સેફ્ટી બાબતે જિલ્લામાં થતાં અકસ્માતોની સંખ્યા ઓછી કરવાં લેવામાં આવેલ પગલાઓ તેમજ અકસ્માતો અંગેની સમીક્ષા કરવામાં હતી. જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જિલ્લામાં થયેલાં અકસ્માતોની સમીક્ષા કરતાં જણાવ્યું હતું કે, જિલ્લામાં જરૂર જણાય ત્યાં સાઈન બોર્ડ લગાડવા, રસ્તાની સાઈટનાં દબાણો દૂર કરવા, તૂટેલા ડિવાઈડરોને રિપેર કરવા અને બ્લેક સ્પોટની સહિતની બાબતોની ઓળખ કરવાં, ફ્લાયઓવરની કામગીરીની જગ્યાઓએ સાઈન બોર્ડ સહિતના નિયમોનું પાલન થાય તેમજ ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાન અનુસરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત, નગરપાલિકાની હદમાં વ્હાઈટ પટ્ટા લગાવવા,એપ્રોચ રોડ અને મુખ્ય રોડ જ્યાં મળતો હોય તેવી જગ્યાઓએ ક્ષતિઓ દૂર કરવા અને અકસ્માતની સંખ્યામાં ઘટાડો થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને જાહેરનામાંની અમલવારી થાય તે માટે સંબંધિત તમામ વિભાગના અધિકારીશ્રીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. અધિક નિવાસી કલેક્ટર આર.જી.આલે જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અટકાયતી પગલાઓ, તડિપાર, જાહેરનામાં ભંગના કેસો સહિતની માહિતી કાયદો વ્યવસ્થા અંગેની બેઠકમાં આપી હતી. આર.ટી.ઓ. વાય.એન.સરવૈયાએ જિલ્લામાં થયેલા અકસ્માત અંગે અને રોડ સેફ્ટી એકટ તેમજ નવા નિયમો અને જોગવાઈઓના સુધારા-વધારાની અંગેની વિગતે માહિતી પૂરી પાડી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા, વેરાવળ પ્રાંત અધિકારી વિનોદભાઈ જોષી, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર સુનિલભાઈ મકવાણા, તેમજ શિક્ષણ, નગરપાલિકા, પોલીસ, નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગના શીર્ષ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# કાર્તિક આર્યને અમદાવાદના અટલ બ્રીજની મુલાકાત લીધી

**ફિલ્મના પ્રમોશન માટે પહોંચ્યો હતો અમદાવાદ**



અમદાવાદ,તા.૧૨

સાજિદ નડિયાદવાલા અને કબીર ખાન દ્વારા સહ-નિર્મિત ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' ૧૪ જૂને રિલીઝ થશે. આ ફિલ્મ ભારતના પ્રથમ પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા મુરલીકાંત પેટકરના જીવન પર આધારિત સ્પોર્ટ્સ ડ્રામા બાયોપિક છે. કાર્તિકે ફિલ્મમાં મુરલીકાંતની ભૂમિકા ભજવી છે. આ ફિલ્મમાં અભિનેતા અનોખા અંદાજમાં જોવા મળી રહ્યો છે. ફિલ્મની રિલીઝ ડેટ નજીક આવતા જ ફિલ્મ પ્રમોશનનું કામ જોરો શોરોથી ચાલી રહ્યું છે. ગઈકાલે કાર્તિક આર્યન ફિલ્મના પ્રમોશન માટે અમદાવાદ પહોંચ્યો હતો.

કાર્તિક આર્યન અમદાવાદમાં પોતાની ફિલ્મના પ્રમોશન કરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન તેણે અટલ બ્રિજની પણ મુલાકાત લીધી હતી અને મીડિયા સાથે વાતચીત કરી હતી. વાતચીત દરમિયાન કાર્તિકે ફિલ્મમાં તેના બોડી ટ્રાન્સફોર્મેશન અંગે પોતાના અનુભવ શેર કર્યા હતા. તેમજ તેના ફેન્સ પણ કાર્તિકને જોવા માટે ખૂબ જ ઉત્સાહિત હતા.

ચંદુ ચેમ્પિયન ફિલ્મનું પ્રમોશન એકદમ અલગ રીતે જ કરવામાં આવ્યું છે. કાર્તિકની ફિલ્મે રિલીઝ પહેલા જ ઈતિહાસ રચી દીધો છે. ફિલ્મ નિર્માતાઓએ દુબઈના બુર્જ ખલીફા ખાતે ફિલ્મના એડવાન્સ બુકિંગની જાહેરાત કરી હતી. જો કે બુર્જ ખલીફામાં પહેલીવાર કોઈ ફિલ્મના એડવાન્સ બુકિંગની જાહેરાત કરવામાં આવી હતી. તેમજ ગ્વાલિયરમાં ફિલ્મ ટ્રેલરનું ભવ્ય લોન્ચિંગ પણ થયું હતું. આ ઉપરાંત ફિલ્મ પ્રમોશન દરમિયાન કાર્તિક આર્મી જવાનો સાથે ડાન્સ કરતો પણ જોવા મળ્યો હતો. જેથી દરેક આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# ઉનાનાં લેરકા રોડ તો બની ગયો પણ વિજ પોલ રોડ વચ્ચે અડીખમ



(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૧૨

કોડીનાર તાલુકાના ડોળાસા અને ઉના તાલુકાના લેરકા ગામોને જોડતો ચાર કી.મી.નો નવો પેવર રોડ તાજેતરમાં જ બન્યો છે પણ રોડના નિર્માણ પછી વિકાસની પરિભાષા જ બદલાઈ ગઈ છે. આ નવા રોડની બરાબર વચ્ચે વીજ પોલ છે જેને દૂર કરવાની કોઈએ તસ્દી લીધી નથી જેના કારણે અકસ્માતનો સતત ભય રહે છે. તાજેતરમાં ડોળાસાથી લેરકા સુધી નવો પેવર રોડ બન્યો છે. કેટલીક સમસ્યાઓ બાદ આ રોડ બની તો ગયો પણ ઉના વીજ તંત્ર દ્વારા રોડ વચ્ચે ઉભેલા વીજ પોલને હટાવ્યો નથી. લેરકા ગ્રામ પંચાયતે આ બાબતે અરજી પણ આપી છે પણ વીજ વિભાગ ઉના દ્વારા આ પોલ હટાવવાની ફી ભરવા જણાવાયું છે પણ ગ્રામ પંચાયતમાં આ ખર્ચ કરી શકતો નથી. આમ નિયમોની આંટી ઘૂંટીમાં આ પોલ ક્યારે હટાવશે તે નક્કી નથી. આ સમસ્યા ના ઉકેલ માટે કોડીનાર pwd વિભાગ દ્વારા યોગ્ય ઉકેલ માટે પ્રયાસો હાથ ધર્યા છે.

ડોળાસાથી લેરકા સુધીના ચાર કી.મી.ના આ રોડમાં અનેક વળાંકો આવેલા આવેલા છે અને આ રોડ વચ્ચે વીજ પોલ છે તેની નજીક પણ ભયાનક વળાંક છે જેથી અકસ્માતનો સતત ભય રહે છે. આ પ્રશ્નનો તુરત ઉકેલ આવે તે અત્યંત જરૂરી છશ્ અને આવશ્યક પણ છે.

**દેશના રાષ્ટ્રપતિએ આપી માહિતી**

# પ્લેન ક્રેશ દુર્ઘટનામાં માલાવીના વાઈસ પ્રેસિડેન્ટ સાઉલોસ ચિલિમાનું મૃત્યુ

**વિમાનમાં સવાર તમામ મુસાફરો માર્યા ગયા : સૂત્ર**

ફ્રાન્સ,તા.૧૨

ચિલીમા, ૫૧ અને અન્ય નવને લઈ જતું લશ્કરી વિમાન સોમવારે ગાયબ થઈ ગયું હતું, જ્યારે તે ખરાબ હવામાનને કારણે ઉત્તરીય શહેર મઝુઝુમાં ઉતરવામાં નિષ્ફળ ગયું હતું અને તેને રાજધાની લિલોંગવે પરત ફરવાનું કહેવામાં આવ્યું હતું.

માલાવીના વાઈસ પ્રેસિડેન્ટ સાઉલોસ ચિલિમાનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું, દેશના રાષ્ટ્રપતિએ મંગળવારે જણાવ્યું હતું કે, શોધકર્તાઓએ ધુમ્મસવાળા જંગલમાં વિમાનનો કાટમાળ શોધી કાઢ્યો હતો.

ચિલીમા, ૫૧ અને અન્ય નવને લઈ જતું લશ્કરી વિમાન સોમવારે ગાયબ થઈ ગયું હતું, જ્યારે તે ખરાબ હવામાનને કારણે ઉત્તરીય શહેર મઝુઝુમાં ઉતરવામાં નિષ્ફળ ગયું હતું અને તેને રાજધાની લિલોંગવે પરત ફરવાનું કહેવામાં આવ્યું હતું.

માલાવીના પ્રમુખ લાઝારસ ચકવેરાએ રાષ્ટ્રને સંબોધતા જણાવ્યું હતું કે, "શોધ અને બચાવ ટીમે વિમાન શોધી કાઢ્યું છે. કોઈ બચી ન હોવાથી સંપૂર્ણપણે નાશ પામ્યું છે, કારણ કે વિમાનમાં સવાર તમામ મુસાફરો માર્યા ગયા હતા."લશ્કરી બચાવ ટીમના સભ્ય દ્વારા છહ્ઁ સાથે શેર કરવામાં આવેલા ફોટોગ્રાફસમાં માલાવી આર્મી એર વિંગ ડોર્નિયર ૨૨૮-૨૦૨હ્વ એરક્રાફ્ટનો રજીસ્ટ્રેશન નંબર ધરાવતા કાટમાળની નજીક ધુમ્મસવાળા ઢોળાવ પર આર્મીના જવાનો ઉભા છે.

બચાવકર્તાઓ મંગળવારના રોજ મઝુઝુની દક્ષિણે ધુમ્મસથી ઢંકાયેલા જંગલમાં કોમ્બિંગ કરી રહ્યા હતા, સત્તાવાળાઓએ પ્લેન અદ્રશ્ય થતાં પહેલાં તેને પ્રસારિત કરેલો છેલ્લો ટાવર શોધી કાઢ્યો હતો.

અગાઉ, આર્મી કમાન્ડર જનરલ પોલ વેલેન્ટિનો ફિરીએ જણાવ્યું હતું કે માલાવીના પડોશીઓ સહિત અન્ય દેશો હેલિકોપ્ટર અને ડ્રોન સહિતની સહાયતા સાથે શોધ પ્રયાસમાં મદદ કરી રહ્યા છે.મઝુઝુમાં લગભગ ૩૭૦ કિલોમીટર (૨૩૦ માઈલ) દૂર ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે સોમવારે લિલોંગવેથી સવારે ૯:૦૦ વાગ્યા (૦૭૦૦ GMT) પછી જૂથ પ્રસ્થાન કર્યું હતું.

# ચૂંટણી પહેલાં વડાપ્રધાન મોદીએ લીધા હતા દ્વારકાધીશના આશિર્વાદ

**મંદિરના પૂજારીએ પાદુકાપૂજન અને ધ્વજાપૂજન કરાવી વાડપ્રધાન બનવાના આપ્યા હતાં આશિષ**



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૨

કેન્દ્રમાં રવિવારે ત્રીજી વખત એન.ડી.એ. સરકારની શપથવિધિ થઇ હતી. જેમાં વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદીએ સતત ત્રીજી વખત શપથ ગ્રહણ કર્યા હતા ત્યારે દ્વારકાના પૂજારી પરિવારે પણ ખુશી વ્યક્ત કરી હતી. તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં એન.ડી.એ.ના નેતાપદે બિનહરીફ રીતે વરાયેલા નરેન્દ્રભાઈ મોદીએ રવિવારે ત્રીજી વખત વડાપ્રધાન પદના શપથ લીધા હતાં.

લોકસભાની ચૂંટણી પહેલાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૫ ફેબ્રુઆરીના રોજ દ્વારકાની મુલાકાતે આવ્યા હતા. તેમણે ૯૮૦ કરોડના ખર્ચે ઓખા-બેટ વચ્ચે દરિયામાં બનાવાયેલ સુદર્શન સેતુનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્‌ઘાટન કરતા પહેલાં તેઓ દ્વારકા જગતમંદિરે પહોંચ્યા હતાં. તેમણે ભગવાનના દશન કર્યા હતાં. વારાદાર પૂજારી પરિવારે પાદુકાપૂજન તેમજ ધ્વજાજીની પૂજા કાવી હતી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ફરી વખત વડાપ્રધાન બને તેવા આશિર્વાદ આપ્યા હતા.

# જૂનાગઢના વોર્ડ નં-૧માં પ્રિમોન્સૂન કામગીરી બરાબર નહી થતા ભાજપના કોર્પોરેટરે જ લોકોને સાથે રાખી વિરોધ કર્યો




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૨ જૂનાગઢ દોલતપરા વોર્ડ નંબર-૧ના ભાજપના કોર્પોરેટર અને સ્થાનિકોએ દ્વારા મનપા ખાતે અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો. વોર્ડ નં ૧ દોલતપરા, સાબલપુર, સરગવાડા, રામદેવપરા વિસ્તારના વોંકળા તેમજ રોડ રસ્તાના વિવિધ પ્રશ્નોને લઈ કોર્પોરેટર સાથે મનપા કચેરી ખાતે ઢોલ વગાડી ફૂલોના હાર પહેરાવી રજૂઆત કરવામાં આવી હતી.આ વિસ્તારના વિવિધ પ્રશ્નોને લઈ મનપાના કર્મચારીઓ જવાબ ન આપતા હોવાના આક્ષેપો સાથે કોર્પોરેટર અને સ્થાનિકો દ્વારા ઢોલ વગાડી કર્મચારીને હાર પહેરાવી વિરોધ નોંધાવ્યો હતો. જૂનાગઢ વોર્ડ નંબર એકના કોર્પોરેટર અશોક ચાવડાએ જણાવ્યું હતું કે અમારે દોલતપરા, સાબલપુર અને સરગવાળા વિસ્તારમાં વોંકળા આવેલા છે. જે જાળી ઝાંખરા થી ભરાય ગયેલ છે. ત્યારે હાલ સાબલપુર વિસ્તારના લોકો અને સ્થાનિકો મનપા ખાતે આવી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને અધિકારીઓને મળ્યા હતા. ત્યારે આ વિસ્તારમાં ભરાઈ ગયા છે તેને માત્ર ઉપર થી જ સાફ કરવામાં આવે છે. ત્યારે હવે માત્ર ચોમાસાને ચારથી પાંચ દિવસ બાકી છે ત્યારે વહેલી તકે આ વોંકળા સાફ કરવામાં આવે તેવી અપેક્ષા છે. જ્યારે મહાનગર પાલિકાના કર્મચારીઓને પણ વારંવાર ફોન કરવામાં આવે છે પરંતુ ફોન ઉપાડવામાં આવતો નથી. ત્યારે ના છૂટકે ઢોલ વગાડી ફૂલહાર પહેરાવી વિરોધ નોંધાવ્યો હતો. દોલતપરા ,સાબલપુર, સરગવાડા રામદેવપરા વિસ્તારમાં ૫૦,૦૦૦ ની વસ્તી છે ત્યારે વહેલી તકે આ વિસ્તારમાં લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ છે. સરગવાળાના રહીશ દિનેશભાઈ વગેરે જણાવ્યું હતું કે અમારા સરગવાળા ગામમાં પંચાયત વખતનો રોડ બનાવવામાં આવ્યો છે. ત્યારે આ રોડને ગટર ના કામ માટે ખોદી નાખવામાં આવ્યો છે અને અત્યાર સુધી આ રોડ ફરી બનાવવામાં આવ્યો નથી. અને જ્યારે રોડ બાબતે મનપાના અધિકારીઓને પૂછવામાં આવે છે ત્યારે રોડ મંજૂર થઈ ગયો છે અને વહેલી તકે બની જશે તેવું કહેવામાં આવે છે. પરંતુ અત્યાર સુધી સરગવાળા ગામનો રોડ બનાવવામાં આવ્યો નથી. ત્યારે ચોમાસામાં આ વિસ્તારમાં પાણી આવી જવાથી લોકોને પરેશાનીનો સામનો કરવો પડે છે. જેને લઈ અમે અમારા વિસ્તારના કોર્પોરેટરને સાથે લઈ મહાનગરપાલિકા ખાતે ઢોલ વગાડી ફૂલહાર પહેરાવીને અમારા પ્રશ્નોની રજૂઆત કરવા માટે આવ્યા હતા.

### બાળ સુરક્ષા વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટ ખાતે

# પી.એમ. કેર્સ ફોર ચિલ્ડ્રન સ્કીમ અંતર્ગત ૫૪ લાભાર્થી બાળકો સાથે 'મીટ વીથ કલેક્ટર' અન્વયે 'હું હીરો છું'ની થીમ આધારીત કાર્યક્રમ યોજાયો

**પોતાની જાતને સવાલો પુછીને તેના જવાબો મેળવવા પ્રયત્ન કરવા જોઈએ, પોતે નિયત કરેલા લક્ષ્યાંકને હાંસલ કરવા શકય તેટલી વધુ મહેનત કરવી જોઈએ : જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી**




(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૧૨ "જીવન આપણને સૌને હીરો બનતાં શીખવે છે. અભ્યાસ હોય કે જીવનની કોઈ પણ સમસ્યા કે મુશ્કેલ લાગતી કોઈ પણ બાબત અંગે પોતાની જાતને સવાલો પુછીને તેના જવાબો મેળવવા પ્રયત્ન કરવા જોઈએ પ્રત્યેક બાળકે પોતે નિયત કરેલા લક્ષ્યાંકને હાંસલ કરવા શકય તેટલી વધુ મહેનત કરવી જોઈએ" તેમ "મીટ વીથ કલેક્ટર" અન્વયે ''હું હીરો છું''ની થીમ આધારીત કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશીએ બાળકોને સંબોધતાં કહ્યું હતું. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા પી.એમ. કેર્સ ફોર ચિલ્ડ્રન સ્કીમ અંતર્ગત કોરોનાકાળમાં માતાપિતા કે વાલીની છત્રછાયા ગુમાવનાર બાળકોની સાર-સંભાળ રાખવામાં આવે છે. આ યોજનાના રાજકોટ જિલ્લાના ૫૪ લાભાર્થી બાળકો સાથે બાળ સુરક્ષા વિભાગ, ગુજરાત અને જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે "મીટ વીથ કલેક્ટર" અન્વયે ''હું હીરો છું''ની થીમ આધારીત કાર્યક્રમનું આયોજન રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

રાજકોટ જિલ્લામાં કોરોના કાળ દરમિયાન માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર ૫૪ જેટલા બાળકો સાથે કલેકટરશ્રી તથા ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ ભોજન કર્યું હતું, મહાનુભાવોએ બાળકો સાથે તેમના અભ્યાસ, તેમના શોખ, તેમના કપડા, ભોજનના ગમા-અણગમા તથા અન્ય બાબતોની વાતો કરી હતી. કલેકટરશ્રીને મળીને બાળકો ખુબ જ ખુશ થયા હતા.

જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ બાળકોને સંબોધતાં કહ્યું હતું કે, જીવન આપણને સૌને હીરો બનતાં શીખવે છે. અત્યારે દેશમાં વિજ્ઞાન, ગણિત, ટેકનોલોજી અને અંગ્રેજી સહિત વિવિધ ભાષાઓનો યુગ ચાલી રહ્યો છે. ત્યારે તમામ વિદ્યાર્થીઓને આ અને આવા અવનવા તથા બાળકના પોતાના રસ મુજબના ક્ષેત્રમાં આગળ વધીને દેશના હિતાર્થે આગળ વધવા તેમણે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

અભ્યાસ હોય કે જીવનની કોઈ પણ સમસ્યા, મુશ્કેલ લાગતી કોઈ પણ બાબત અંગે પોતાની જાતને સવાલો પુછીને તેના જવાબો મેળવવા પ્રયત્ન કરવા જોઈએ. પ્રત્યેક બાળકે પોતે નિયત કરેલા લક્ષ્યાંકને હાંસલ કરવા શકય તેટલી વધુ મહેનત કરવી જોઈએ, તેમ કલેકટરશ્રીએ બાળકો સાથે મૂલ્યવાન સમય વીતાવતાં જણાવ્યું હતું આ તકે સ્કુલમાં શિક્ષિકા તરીકે અભ્યાસ કરાવતા ડાંગર ખ્યાતિ અને તેમની નાની બહેન ડાંગર જીયાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા સમગ્ર જિલ્લા વહીવટીતંત્રનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે અમારે જયારે પણ જિલ્લા વહીવટીતંત્રની જરૂર પડી છે ત્યારે તેઓ એક પળનોય વિચાર કર્યા વિના અમારી ત્વરિત મદદે આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પી.એમ કેર ફોર ચિલ્ડ્રન્સ સ્કિમ અંતર્ગત કોરોના કાળ દરમિયાન માતા-પિતા કે વાલીની છત્રછાયા ગુમાવનાર બાળકોના નામે રૂ. ૧૦ લાખની રકમ પોસ્ટ ઓફિસમાં ફિક્સ ડિપોઝીટ કરાવવામાં આવી છે. આ રકમ પર ૧૮ થી ૨૩ વર્ષ સુધી સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવે છે. કેન્દ્ર સરકારની સ્પોન્સરશિપ યોજના અંતર્ગત પ્રતિ માસ ૪ હજાર રૂ. અને ગુજરાત રાજય મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત પ્રતિ માસ ૪ હજાર રૂ. લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ ઉપરાંત, પી.એમ. કેર્સ ફોર ચિલ્ડ્રન સ્કિમ અંતર્ગત ગણવેશ અને પાઠ?ય પુસ્તકો ખરીદવા માટે રૂ. ૨૦ હજારની શિષ્યવૃત્તિ પણ ચૂકવવામાં આવે છે.

આ પ્રસંગે રાજકોટ શહેર પ્રાંત અધિકારીશ્રી ચાંદની પરમાર, ચિલ્ડ્રન વેલ્ફેર કમિટીના ચેરમેન પ્રિતેશભાઈ પોપટ, સભ્યશ્રીઓ, ભાસ્કરભાઈ જસાણી, રમાબેન હેરભા, રશ્મિબેન પટેલ, રીનાબેન ભોજાણી, રોજગાર વિભાગના કેરિયર કાઉન્સેલરશ્રી ચેતન દવે, સમાજ સુરક્ષા અધિકારી શ્રી એસ.એમ.રાઠોડ, બાળ સુરક્ષા અધિકારી શ્રી અલ્પેશ ગોસ્વામી, રિજિયોનલ સાયન્સ સેન્ટર રાજકોટના પ્રોજેક્ટ મેનેજર શ્રી સુમિત વ્યાસ તથા પી.એમ.કેર યોજનાના લાભાર્થી બાળકોના ગાર્ડીયન્સ ઉપસ્થિત રહ્યા હતા.

# બિલખામાંથી ઘઉં ચોખાનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૨ જૂનાગઢ જીલ્લા પ્રાંત અધિકારી દ્વારા સરકારી અનાજના ગોડાઉન ઉપર તવાઈ ફરમાવી વ્યાપક પ્રમાણમાં દરોડા પાડતા પાદરીયા બાદ બિલખામાંથી ગેરકાયદે સરકારી અનાજનું ગોડાઉન ઝડપાયું છે. તંત્રએ ચોખા ૪ હજાર કિલો, ઘઉં ૧૭,૪૯૨ કિલો અને બે બોલેરો પીકઅપ વાહન સહિત કુલ રૂા.૪,૮૬,૯૮૪ લાખનો મુદ્દમાલ કબ્જે કર્યો છે. જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસીયાને મળેલી બાતમીના આધારે કેટલાક ઈસમો જીલ્લામાં વ્યાજબી ભાવની દુકાને મળતું અનાજ વિતરણ થયા બાદ ઘરે-ઘરે જઈ એકત્રિત કરી તેનો ગેરકાયદેસર વ્યાપાર કરે છે. તે સબબ નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી જૂનાગઢ ચરણસિંહ ગોહિલના નેતૃત્વ હેઠળ ગ્રામ્ય મામલતદાર લલીત ડાભી અને તેમની ટીમ દ્વારા બિલખા ખાતે દરોડા પાડવામાં આવ્યા હતા. અગાઉ આ ક્ષેત્રે કાર્યવાહી કરી શહેરમાંથી છકડો રિક્ષા પકડી તેના આધારે પાદરીયામાં બે મોટા ગોડાઉન પકડી પાડવામાં આવેલ હતા અને ૫.૩૭ લાખનું ગેરકાયદે સંગ્રહ કરેલું સરકારી અનાજનો જથ્થો સિઝ કરવામાં આવેલ હતો. આ રેશનકાર્ડ ધારકોના રેશનકાર્ડની માહિતી મેળવી તેમના રેશનકાર્ડ રદ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ તપાસમાં પકડાયેલા ફેરિયાઓની ઉંડી તપાસના અંતે સમગ્ર ધંધાનું કેન્દ્ર બિંદુ બિલખા હોવા અંગેની માહિતી મળી હતી. આથી બાતમીદારોને સાથે રાખીને મોડી સાંજે વ્યાપક દરોડા પાડયા હતા. આ દરમ્યાન બે મોટા સરકારી અનાજનો જથ્થો ધરાવતા ગોડાઉન પકડી પાડયા હતા. તેઓને અનાજના જથ્થા બાબતે પુછપરછ કરતા કોઈ પ્રકારના આધાર પુરાવા રજુ કર્યા ન હતા અને ફેરીવાળાનું એકત્ર કરેલ સરકારી અનાજ હોવા બાબતે કબુલાત આપી હતી. જે પૈકી ગોડાઉન ધારક અલારખા બોદુભાઈ મોદીની પાસેથી ઘઉ ૧૧૬ બોરી, ૬૪૯૨ કિલો કિં.રૂા.૧,૬૮,૭૯૨ અને ચોખા ૭૦ બોરી ૪૦૦૦ કિલો કિંરૂા.૧,૫૩,૧૯૨ એમ મળી કુલ ૩,૨૧,૯૮૪નો જથ્થો અને ઈમ્તીયાઝ સતારભાઈ કાળવતરના ગોડાઉન ખાતેથી ઘઉ ૨૨૦ બોરી, ૧૧,૦૦૦ કીલો કિં.રૂા.૧,૬૫,૦૦૦ તથા અનાજના અવશેષો વાળા બે પીકઅપ બોલેરો સહિતના મુદ્દામાલને સિઝ કરવામાં આવ્યો છે.

# જૂનાગઢના અગ્રાવત ચોકમાં ૪ મહિના અગાઉ બનેલ સીસીરોડના કામમાં લોટ, પાણીને લાકડા

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૨ જૂનાગઢ શહેરમાં જોષીપરા અંડરબ્રીજથી નારાયણ ચોક સુધી ૪ મહિના પહેલા લાખોના ખર્ચે બનેલા સીસીરોડમાં સિમેન્ટ અને કાકરીઓ નિકળી ગઈ છે. એવું લાગી રહ્યું છે કે આ રોડની આયુષ્ય માત્ર ૪ મહિનાની જ હતી. આવી નબળી કામગીરીને લઈને વેપારીઓ, લોકોમાં રોષ ઠાલવાયો છે. અગ્રાવત ચોક ઉપરના વેપારીઓએ જણાવ્યુ કે, ૪ મહિના પહેલા જ આ રોડની કામગીરી કરવામાં આવી છે. આવા ટુકા સમયગાળામાં જ અહીં ઠેર- ઠેર કાકરીઓ નિકળી ગઈ છે. હજુ આ રોડ એક ચોમાસુ પણ લોકોને કામમાં આવ્યો નથી ને માત્ર ૪ મહિનાના ટૂકા સમયમાં રોડની આવી દશા જોવા મળી રહી છે. કાકરીઓ નિકળી જવાથી વાહનો સ્લીપ થવાની ભિતી સેવાય રહી છે. ગણતરીના દિવસોમાં વરસાદ આવી જશે. આ રોડમાં વરસાદ પડવાથી લોકોને પહેલા ચોમાસામાં જે સ્થિતિ હતી તેવી રોડ બની જવા છતા રહેશે તેવુ લાગી રહ્યુ છે.



કામમાં પણ નગરસેવકોએ મીલીભગત અને પ્રજાના પૈસાનુ પાણી કર્યુ હોય તેવુ લાગે છે. હલકી ગુણવત્તા વાળી કામગીરી સામે અગ્રાવત ચોકના વેપારીઓ અને સ્થાનિકોમાં રોષ છવાયો છે. શહેરમાં ઠેર- ઠેર સીસીરોડની કામગીરી કરવામાં આવી રહી છે. પરંતુ આ રોડ કેટલા ખર્ચે બન્યો, કોન્ટ્રાકટરનુ નામ, રોડની આયુષ્ય કેટલી સહિતની વિગતો સાથેનો સાઈન બોર્ડ મુકવામાં આવતા નથી. અગાઉ સ્વ. ધીરૂભાઈ ગોહેલ મેયર હતા ત્યારે શહેરમાં જ્યાં- જ્યાં રોડની કામગીરી થાય તેમાં કેટલા ખર્ચે રોડ બન્યો, કોન્ટ્રાકટરનું નામ શું ?, તેના ફોન નંબર, કેટલા પ્રમાણમાં ક્યુ મટીરીયલનો વપરાશ થયો, કેટલા સમયગાળા સુધી રોડનુ આયુષ્ય છે તે તમામ વિગત સાથેના સાઈન બોર્ડ મારવાનુ નક્કી થયુ હતુ. પરંતુ મનપા આવા સાઈન બોર્ડ લગાવે તો કદાચ કામગીરીમાં ભ્રષ્ટાચાર થાય નહી અને થાય તો બહાર આવે એવુ લાગી રહ્યુ છે. જેને કારણે લોકોમાં ઠેર- ઠેર આવા સાઈન બોર્ડ મનપા લગાવે તેવી માંગ ઉઠી છે.

# વિસાવદર CHCમાં છ મહિનાથી એક્સરે મશીન બંધ હવે તો રીપેર કરાવો : ટિમ ગબ્બર

(વિનુ પુરોહિત દ્વારા) વિસાવદર તા.૧૨ વિસાવદર શહેરની વસ્તી ૪૦ હજારની છે અને તાલુકાની વસ્તી આશરે દોઢ લાખની હોય અહીં એક જ સામુહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે અહીં બીજી કોઈ સરકારી હોસ્પિટલ આવેલ ન હોય અને જે છે તે માંદગીને બિછાને હોય તે રીતે હોસ્પિટલમાં પૂરતો દવાઓનો સ્ટોક ફાળવવામાં આવતો ન હોય માગણી કરવા છતાં વિસાવદરનીજરૂરિયાતના પ્રમાણમાં ખૂબ જ ઓછો સ્ટોક ફાળવી વિસાવદરને કાયમી અન્યાય કરવામાં આવી રહેલ હોય તેવી સ્થિતિ ઉભી થયેલ છે અહીંના દવાખાનામાં છે એના કરતાં નથી તેવી દવાઓનો સ્ટોક તાત્કાલિક ફાળવવામાં આવે તેવી અમારી માગણી છે વિસાવદર તાલુકાના દર્દીઓ માટે સામાન્ય એવી સુવિધાઓ માટે વિસાવદરથી જૂનાગઢ જેવા દૂરના સ્થળે આવવું જવું ખૂબ જ કઠિન છે અને ગરીબ દર્દીઓને આ ખર્ચ પણ પોસાય તેમ ન હોય તેથી ગરીબ પ્રજાના હિતમાં તાત્કાલિક જરૂરી સુવિધાઓ તથા જરૂરી ખૂટતી તમામ દવાઓ માંગણી મુજબની ફાળવવામાં આવે તેમજ એક્સરે મશીન છેલ્લા છ માસ જેટલા સમયથી બંધ હોય તેના કારણે લોકોને ખુબજ અગવડતા પડતી હોય અને બિન જરૂરી ખૂબ મોટો ખર્ચ કરી અન્ય પ્રાઈવેટ જગ્યાએ એક્સરે કઢાવવા જવું પડતું હોય તેથી આ બાબતે સ્થાનિક લોકો તરફથી પણ અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં લેવાયેલ ન હોય તેથી વિસાવદર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરિયાત મુજબની દવાઓ તથા અન્ય સુવિધાઓ તાત્કાલિક પુરી પાડવા અમારી ટિમ ગબ્બરની રજુઆત કરેલ હતી જેનો આસી.ડાયરેકટ નીલમ પટેલ સાહેબ દ્વારા તા.૦૨/૦૪/૨૪ના રોજ જવાબ આપી જેતે વિભાગને પ્રશ્નનું તાત્કાલિક સોલ્યુશન લાવવા જાણ કરી તેની અમોને પણ જાણ કરેલ હોવા છતાં આસી.ડાયરેકટના હુકમનો પણ ઉલાળીયો કરવામાં આવેલ હોય તેમ છ માસ થવા છતાં યેનકેન પ્રકારે એક્સરે આજની તારીખે પણ બંધ હોય જેથી ટિમ ગબ્બરે ફરીથી ગાંધીનગર ખાતે રજુઆત કરેલ છે અને અમારી રજુઆત લાગુ પડતા વિભાગને પહોંચાડી યોગ્ય કાર્યવાહી કરી / કરાવી કરેલ કાર્યવાહીનો જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે અમારા ટિમ ગબ્બરના સરનામે મોકલી આપવા અરજ કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાત ના વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## દ્વારકાધીશને તિરૂપતિ બાલાજી સ્વરૂપના પુષ્પ શૃંગાર યોજાયા



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૧૨ દ્વારકાધીશ જગતમંદિરમાં ગ્રીષ્મકાળમાં સતત બે માસ સુધી ઠાકોરજીને ઠંડક આપતા વસ્ત્રો પરિધાન કરાવાય છે જ્યારે દરરોજ સાંજે વિશિષ્ટ પુષ્પ શૃંગાર યોજવામાં આવી રહયા છે ત્યારે ગઈકાલે સાંજે ઠાકોરજીના ઉત્થાપન સમયે ઠાકોરજીને તિરૂપતિ બાલાજી સ્વરૂપમાં વિશિષ્ટ પુષ્પશૃંગાર યોજવામાં આવ્યા હતા.આ દિવ્ય દર્શનનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કુષ્ણભક્તોએ આ દિવ્ય દર્શનને નિહાળ્યા હતા.

# વિસાવદર : વિજકંપની ની રકમ નહિ ભરવા ત્રણ ત્રણ ગામ ફેરવ્યા, આખરે વોરન્ટ નીકળતા ચાલીસ હજારની રકમ ભરી

(વિનુ પુરોહિત દ્વારા) વિસાવદર તા.૧૨ વિસાવદર પી.જી.વી.સી.એલ. કંપનીના સબ ડિવિઝન નંબર (૨) દ્વારા જાવલડી ગામે રહેતા ગુજ.સવાભાઈ રામભાઈ મકવાણા ના પુત્ર મનસુખભાઈ સવાભાઈ મકવાણા સામે તેઓ બદક જાવલડી ગામે રહેતા ત્યારની વિજવપરાશના બીલની રકમ અંગે વિસાવદર કોર્ટમાં દાવો દાખલ કરેલો અને તે દાવાના કામમાં પ્રતિવાદી મનસુખભાઈ સામે કોર્ટ દાવો મંજૂર કરી વકીલ ફી,વ્યાજ તથા કોર્ટ ફી અને વિજબીલની રકમ ભરપાઈ કરવા હુકમ કરેલ હતો ઉપરોક્ત હુકમ બાદ પ્રતિવાદીને અવારનવાર જાણ કરવા છતાં પ્રતિવાદી બદક ગામેથી મોટી પિંડાખાઈ ગામે રહેવા જતા રહેલ અને રકમ ભરેલ નહિ ત્યારબાદ પી.જી.વી.સી. એલ.કંપનીના જુનાગઢના અધિક ઈજનેર બી.ડી.પરમારની સૂચના અને માર્ગદર્શન હેઠળ પી.જી.વી.સી. એલ.કંપનીના સબ ડિવિઝન નંબર (૨)ના અધિકારી કમલ અખેણીયા દ્વારા પ્રતિવાદી સામે વિસાવદરના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી મારફતે દરખાસ્ત નંબર ૫૦/૨૪ થી દરખાસ્ત દાખલ કરેલ તેમાં પ્રતિવાદીએ ફેરવેલ બીજા ગામમાં તપાસ કરતા પ્રતિવાદી ત્યાં પણ મળી આવેલ નહિ અને પ્રતિવાદી વિસાવદર તાલુકાના કાલસારી ગામે પંચાયત ઓફિસ પાસે મકાન ભાડે રાખી રહેતા હોય તેવી માહિતીના આધારે વિસાવદર કોર્ટના બેલીફ એમ.ડી.વાઢેર તથા જીતેન્દ્ર લાલવાણી ને મળતા પ્રતિવાદી ને શોધી દરખાસ્તની નોટિસ આપવામાં આવેલ ત્યારે પણ પ્રતિવાદી વિજબીલની લેણી રકમ વાળા ગામમાં રહેતા ન હોય આ રકમ તેમને ભરવાની થતી ન હોય અને તેમના તથા અન્ય વારસોને ભરવાની થાય વિગેરે રજૂઆતો કરેલ અને કોર્ટમાં તેમના વતી તેમના માતાને ઉભા રાખી રજુઆત કરાવેલ પરંતુ તેમના માતા દરખાસ્તમાં કોઈ પક્ષકાર ન હોય જેથી તેમના માતાની રજુઆત ધ્યાને લઈ શકાય નહીં તેવી વાદી કંપનીના વકીલ નયનભાઈ જોશીની રજુઆત તથા લેખિત વોરન્ટ કાઢવાની અરજી નીચેની રજુઆત ધ્યાને લઈ વિસાવદરના ન્યાયમૂર્તિ એસ.એસ. ત્રિવેદી દ્વારા પ્રતિવાદી સામે વોરન્ટ ઈસ્યુ કરતા અને તેની જાણ થતાં પ્રતિવાદીએ નામદાર કોર્ટમાં હાજર થઈ એકી સાથે રૂપિયા ચાલીસ હજાર જેવી રકમ ભરપાઈ કરી આપતા અને બાકીની રકમના નિયમિત હપ્તા ભરપાઈ કરવાની લેખિત બાંહેધરી આપતા વોરન્ટની અમલવારી મોકૂફ રાખવામાં આવેલ હતી. આમ વીજકપનીની લેણી રકમ ભરવામાં બેદરકારી દાખવી ભાગતા ફરતા અને સરનામું બદલી જુદા જુદા ગામમાં ફરવા છતાં આખરે પ્રતિવાદી એ રકમ ભરવી પડેલ છે અને વ્યાજ સહિતની રકમ ભરવી પડેલ છે આ કામમાં વાદી કંપની વતી વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી રોકાયેલ હતા.

# જૂનાગઢથી ગોંડલ સુધીની દલીત સમાજની વિશાળ બાઈક રેલી : ભારેલો અગ્નિ

## ગોંડલનાં ધારાસભ્યનાં પુત્ર ગણેશ જાડેજાની કથીત દાદાગીરી સામે દલીતોમાં ભારે રોષ : સામા પક્ષે આજે ગણેશનાં સમર્થનમાં ગોંડલ યાર્ડ અને ગોંડલ તાલુકાનાં ૮૪ ગામોમાં સજ્જડ બંધ






જૂનાગઢ તા. ૧૨

ગત તા. ૩૦ મેની રાત્રીનાં બનેલી ઘટનામાં જૂનાગઢ શહેર અનુ.જાતિ સમાજનાં પ્રમુખ રાજુ સોલંકીનાં પુત્ર સંજય સોલંકીનું ગોંડલનાં ગણેશ જાડેજા અને તેના સાગરીતો દ્વારા અપહરણ કરી ગોંડલ નજીક આવેલ ગણેશગઢ તરીકે ઓળખાતી વાડીમાં લઈ જઈ નિર્વસ્ત્ર કરી માર મારવાનાં બનાવનાં વિરોધમાં આજે જૂનાગઢ તેમજ આજુબાજુનાં વિસ્તારનાં અનુ.જાતિ સમાજ દ્વારા જૂનાગઢથી ગોંડલ સુધીની તેની વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.


સંજય સોલંકી એનએસયુઆઈનો પ્રમુખ પણ છે. આજે દલીત સમાજની રેલીમાં જૂનાગઢ, અમરેલી, પોરબંદર, ગીર સોમનાથ, રાજકોટ, જામનગર, ધોરાજી, ઉપલેટા સહીત સૌરાષ્ટ્રભરમાંથી અનુ.જાતિ સમાજનાં લોકો બાઈક રેલી જોડાયા હતાં. જૂનાગઢથી ગોંડલ સુધીની બાઈક રેલીનો આજે સવારે ૯ વાગ્યે જૂનાગઢનાં આંબેડકર ચોકથી પ્રારંભ થયો હતો. જૂનાગઢનાં કાળવા ચોક ખાતે આવેલ ડો. આંબેડકરનાં પ્રતિમાને ફુલહાર કરીને રેલી શરૂ થઈ હતી. આ રેલીમાં રાજયભરમાંથી મોટી સંખ્યામાં દલીતો જોડાયા હોવાનું જાણવા મળેલ છે. બાઈક રેલી જૂનાગઢથી નીકળી ધોરાજી, જેતપુર થઈ ગોંડલ પહોંચી હતી. રેલીનાં સમગ્ર રૂટ પર જૂનાગઢ તેમજ રાજકોટ પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ગોંડલ ખાતે આવેલ આંબેડકર ચોક ખાતે રેલી સંપન્ન થયા બાદ મહાસંમેલન પણ યોજાશે. આમ આજે રેલી, સંમેલન સબબ જૂનાગઢથી ગોંડલ સુધી સજજડ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે પોલીસ એલર્ટ હતી. દરમ્યાનમાં આજે જૂનાગઢ સહીતનાં વિસ્તારમાં એક લીસ્ટ વાયરલ થયું હતું જેમાં સંજય સોલંકી, રાજુ સોલંકી સહીત સામે ૧૭ ગુના નોંધાયા હોવાનું જણાવાયું છે. તેમાં સંજય સોલંકી સામે ૩, રાજુ સોલંકીસામે ૧૨ અને દેવ સોલંકી સામે બે ગુના નોંધાયા છે. તે અંગે રાજુ સોલંકીએ એવું જણાવ્યું હતું કે મારી સામે ૧૭ નહી પણ ૫૦ ગુના નોંધાયા હોય તો તેનો અર્થ એવો થાય છે કે કોઈના પુત્રનું અપહરણ કરવાનું, માર મારવાનો કાયદામાં છુટ છે ? રાજુ સોલંકીએ વધુમાં એવું જણાવ્યું હતું કે જયરાજસિંહ જાડેજા સામે પણ ડબલ મર્ડરનો ગુનો નોંધાયેલો છે. તે જામીન પર છે. ગણેશ જાડેજાએ પણ અનેક પરીવારની જમીન લુંટવી લીધી છે તેવું રાજુ સોલંકીએ જણાવ્યું હતું. બીજી તરફ ગણેશ જયરાજસિંહ જાડેજાનાં સમર્થનમાં આજે ગોંડલ માર્કેટીંગ યાર્ડ તેમજ ગોંડલ પંથકનાં ૮૪ ગામડાઓમાં સ્વયંભુ બંધ પાડવામાં આવી રહયો છે.

# જૂનાગઢ : સ્કુલ વાહન ચાલકોએ વિવિધ માંગો સાથે કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨



જૂનાગઢ શહેરના સ્કૂલ વાનચાલકો દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં સ્કૂલવાન ચાલકો દ્વારા વિવિધ માંગણીઓને લઈ કલેકટરને રજુઆત કરવામાં આવી હતી. જેમાં સ્કૂલે લઈ જતા વાહનોમાં બાળકોને બેસવા માટેની કેપેસિટી વધારવા અને આરટીઓની ગાઈડ લાઈન મુજબ વાહન કરાવવા સમય મર્યાદા આપવા માંગ કરવામાં આવી હતી. ત્યારે જૂનાગઢ સ્કૂલવર્ધી વાહન માટે વપરાતા પ્રાઈવેટ વાહન નોન ટ્રાન્સપોર્ટ કેટેગરીમાં નોંધાયેલા છે. જે ટ્રાન્સપોર્ટ કરાવવા સ્કૂલ વાન સંચાલકો દ્વારા માંગ કરવામાં આવી છે. સ્કૂલ વર્ધી માટે વપરાતા મોટાભાગના મેક્સિકેબ વાળા વાહન માલિકો પ્રાઈવેટ વાહનો ધરાવે છે. જે સ્કૂલ સાથે સીધી રીતે સંકળાયેલા નથી પરંતુ વાલીઓને આ સ્કૂલ વાન સ્કૂલ બસ કરતા સસ્તી પડે છે. ત્યારે જૂનાગઢ સ્કૂલ વાનચાલકો દ્વારા માંગણી કરવામાં આવી છે કે તેઓની આરટીઓની ગાઈડલાઈન મુજબ પોતાનું વાહન કરાવવા અમુક સમય મર્યાદા આપવામાં આવે. છેલ્લાં બે મહિનાથી વેકેશન હોવાથી સ્કૂલ વર્ધીના માલિકો પાસે આર્થિક સંકળામણ હોવાથી તેઓનું વાહન આરટીઓમાં પ્રાઈવેટ કેટેગરીમાંથી સ્કૂલ કેટેગરીમાં કન્વર્ટ કરવા માટે તેઓને લાભ આપવામાં આવે. તો બીજી તરફ વાનચાલકોના વાહનોને ટેક્સીકેબ મુજબ વધુ વીમો ચૂકવવો પડે છે ત્યારે જે સ્કૂલ વર્ધિ માટેનું વાહન કરવામાં આવે તો ઈન્સ્યોરન્સ ઓછું આવે અને આ માટે સ્કૂલોમાંથી લેટરપેડ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. તેમજ વાનચાલકોને કેર મીટરમાંથી મુક્તિ આપવામાં આવે જે સ્કૂલ વર્ધી માટેના વાહનોની બેઠક વ્યવસ્થા ૧૨ વર્ષના બાળકો માટે છે તે વધારીને ૧૫ વર્ષ એટલે કે ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવે અને સ્કૂલ વાનમાં પાસિંગ કરતાં ડબલ બાળકો બેસાડવાની પરમિશન આપવામાં આવે અને તે માટે સ્કૂલ વાહન ચાલકો વ્યવસ્થિત સીટીંગ પણ કરી આપશે તેવી જુનાગઢ કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.

## જૂનાગઢમાં પૈસા આપવાની ના પાડતા છરી મારી ધમકી આપ્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં ચીતાખાના ચોક પાસે રહેતો વાહીદ હસનભાઈ પંજા રાત્રે તેના ઘરની બાજુમાં આવેલ સમોસાની લારી પાસે ઊભો હતો ત્યારે ધારાગઢ દરવાજા પાસે રહેતો શકીલ ઉર્ફે કાળોએ બાઈક ઉપર આવી મને પૈસા આપ તેમ કહ્યું હતું પરંતુ વાહિદે પૈસા આપવાની ના પાડતા જેનાથી ઉશ્કેરાઈ જઈને યુવક ઉપર છરી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયો હતો. પોલીસે હુમલાખોર સામે કાર્યવાહી કરી હતી.

જયારે અન્ય એક બનાવમાં જૂનાગઢ તાલુકાના આણંદપુર ગામે રહેતા માધાભાઈ રાજાભાઈ બગડા નામના વૃદ્ધના પુત્ર બાબુભાઈ પાડોશમાં રહેતા રાજેશ મૂળજીભાઈ રાઠોડના ઘરે રિક્ષા ભાડાના પૈસા લેવા ગયો હતો ત્યારે તેની સાથે ઝઘડો કરતાં માધાભાઈ ત્યાં જતા રાજેશ રાઠોડ તથા તેના પુત્ર હાર્દિક અને પત્ની હેતલબેને પિતા, પુત્રને માર મારી ઈજા પહોંચાડી હોવાની ફરિયાદ થતા તાલુકા પોલીસે ત્રણેય વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...



ડો. હરેશ એમ. ડોબરિયા M.D. (Paed.)
ડો. વિજય જેઠવા M.D. (Paed.)
ડોબરીયા કિડ્ઝ હોસ્પિટલ એન્ડ એન.આઈ.સી.યુ.
ઈમરજન્સી હેલ્પલાઈન નં. ૭૫૬૭૪ ૨૨૧૮૫
મિલેનીયમ આર્કેડ, ૪થા માળે, ઝાંઝરડા ચોકડી, નિલકંઠ પ્લોટની બાજુમાં, જૂનાગઢ
૯૦૯૯૦ ૬૫૮૫૬ / ૯૮૨૫૯ ૧૦૬૬૦

ધો.૧૨ પછી શું ?
ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ-સંચાલિત
ડિપ્લોમાં કોર્ષ
સેનેટરી ઈન્સ્પેક્ટર
: મળવાપાત્રક તક :
નગરપાલિકા, મહાનગરપાલિકા, સરકારી હોસ્પીટલ, પોર્ટ, એરપોર્ટમાં નોકરીની વિશાળ તક.
જીએસપી સ્કૂલ
સરકારી ગોડાઉન પાછળ, સિંધી સોસાયટી રોડ, ગાંધીગ્રામ, જૂનાગઢ. ફોન : ૨૮૫-૨૬૫૩૪૭૦
મો. ૮૮૬૬૨ ૬૨૬૫૬

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સી. સી. પડદાવાળા
- ફર્નિચર
- વોલ પેપર
- પડદાનું કાપડ
- ફર્નિચર માલ
- મેટ્રેસ
- ઓફિસ કેર્ટન
- પ્લાયવુડ
- પીલો
- મોડયુલર કિચન
- હેન્ડલ
- પડદા
- સોફા
- સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે
તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫


ત્રિપ્લેક્ષ વેંચવાના છે
પ્લોટ-ટીંબાવાડીમાં-વૃજવાટીકા જોશીપરામાં ત્રિપ્લેક્ષ-ગોમતીનંદન આલ્ફા સ્કુલ પાસે પ્લોટ પ્લોટ તથા ત્રિપ્લેક્ષ વેંચવાના છે
:: કોન્ટેક ::
મો. ૯૮૭૯૫ ૨૫૧૬૩

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
પંચહાટડી-માંગનાથ રોડ ઉપર ફસ્ટ ફલોર, રોડ સાઈડ (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કેવર ફુટ દુકાન જવેલરી, રેડીમેન્ટ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોનઃ ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા..
ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે.
તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

ડો. રશ્મિ પી. બાલચંદાણી B.A.M.S.
Mo. 74859 53500
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
Aum Ayurved Hospital
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
e_mail : aum.ayurved.hospital@gmail.com

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨